


RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 17
Issue : 227
Dt.: 28-04-2025,
Monday
Page : 04
Rs.00.50 paisa

EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.

Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in


મન કી બાતમાં પીએમ મોદીએ કહ્યું

## પીડિત પરિવારોને ન્યાય અને ગુનેગારોને કડક સજા મળશે

### ૨૨ એપ્રિલે પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાએ દરેક નાગરિકને દુઃખી કર્યો છે, દરેક ભારતીયને પીડિત પરિવારો પ્રત્યે ઊંડી સહાનુભૂતિ છે : મોદી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી "મન કી બાત" ના એપ્રિલ મહિનાના કાર્યક્રમના સંબોધનમાં પહેલગામ આતંકવાદી હુમલા પર વાત કરી છે. તેમણે કહ્યું, "જ્યારે હું તમારી સાથે મારા મનની વાત કરી રહ્યો છું, ત્યારે મારા મનમાં ઊંડું દુઃખ છે. ૨૨ એપ્રિલે પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાએ દરેક નાગરિકને દુઃખી કર્યો છે. દરેક ભારતીયને પીડિત પરિવારો પ્રત્યે ઊંડી સહાનુભૂતિ છે."

પીએમ મોદીએ મન કી બાતમાં કહ્યુ કે, પહેલગામમાં થયેલો આ હુમલો આતંકવાદને પ્રાયોજિત કરનારાઓની હતાશા દર્શાવે છે, તેમની કાયરતા દર્શાવે છે. જે સમયે કાશ્મીરમાં શાંતિ પાછી ફરી રહી હતી, શાળાઓ અને કોલેજોમાં ઉત્સાહ હતો, બાંધકામ કાર્ય અભૂતપૂર્વ ગતિએ આગળ વધી રહ્યુ હતું, લોકશાહી મજબૂત થઈ રહી હતી, પ્રવાસીઓની સંખ્યામાં રેકોર્ડ વધારો થઈ રહ્યો હતો, લોકોની આવક વધી રહી હતી, યુવાનો માટે નવી તકોનું સર્જન થઈ રહ્યું હતું. દેશના દુશ્મનો, જમ્મુ અને કાશ્મીરના દુશ્મનોને આ ગમ્યું નહીં.

આ સાથે તેમણે જણાવ્યુ કે, આતંકવાદીઓ અને તેમના આકાઓ ઈચ્છે છે કે, કાશ્મીર ફરીથી બરબાદ થાય અને તેથી જ તેમણે આટલા મોટો કાવતરાને અંજામ આપ્યો. આતંકવાદ સામેના આ યુદ્ધમાં દેશની એકતા, ૧૪૦ કરોડ ભારતીયોની એકતા આપણી સૌથી મોટી તાકાત છે. આ એકતા આતંકવાદ સામેની આપણી નિર્ણાયક લડાઈનો પાયો છે.

પીએમ મોદીએ વધુમાં ઉમેર્યું કે, દેશ સામેના આ પડકારનો સામનો કરવા માટે આપણે આપણા સંકલ્પને મજબૂત બનાવવો પડશે. આપણે એક રાષ્ટ્ર તરીકે મજબૂત ઈચ્છાશક્તિ દર્શાવવી પડશે. આજે દુનિયા જોઈ રહી છે, આ આતંકવાદી હુમલા પછી આખો દેશ એક અવાજમાં બોલી રહ્યો છે. ભારતના લોકોમાં જે ગુસ્સો છે તે આખી દુનિયામાં છે. આ આતંકવાદી હુમલા બાદ, વિશ્વભરમાંથી સતત સંવેદનાઓ મોકલવામાં આવી રહી છે. વૈશ્વિક નેતાઓએ મને ફોન કર્યો છે, પત્રો લખ્યા છે અને સંદેશા મોકલ્યા છે. આ જઘન્ય આતંકવાદી હુમલાની બધાએ સખત નિંદા કરી છે. તેમણે મૃતકોના પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે.

પીડિત પરિવારોને ખાતરી આપતા તેમણે જણાવ્યુ છે કે, આતંકવાદ સામેની આપણી લડાઈમાં આખી દુનિયા ૧૪૦ કરોડ ભારતીયોની સાથે ઉભી છે. હું ફરી એકવાર પીડિત પરિવારોને ખાતરી આપું છું કે તેમને ન્યાય મળશે, ન્યાય ચોક્કસ મળશે. આ હુમલાના ગુનેગારો અને કાવતરાખોરોને સૌથી કડક જવાબ આપવામાં આવશે.

તેમણે કહ્યું કે આતંકી અને આતંકના વડાઓ ઈચ્છે છે કે કાશ્મીર ફરી તબાહ થઈ જાય અને એટલા માટે આ મોટા ષડયંત્રને અંજામ આપ્યો. આતંકવાદ વિરુદ્ધ યુદ્ધમાં દેશની એકતા, ૧૪૦ કરોડ ભારતીયોનો સહયોગ, આપણી સૌથી મોટી તાકાત છે. આ એકતા, આતંકવાદ વિરુદ્ધ આપણી નિર્ણાયક લડાઈનો આધાર છે.

પીએમ મોદીએ કહ્યુ કે આપણે દેશની સામે આવેલા આ પડકારનો સામનો કરવા માટે આપણા સંકલ્પોને મજબૂત કરવાના છે. આપણે એક રાષ્ટ્રના રૂપમાં દ્રઢ ઈચ્છાશક્તિનું પ્રદર્શન કરવાનું છે. આજે દુનિયા જોઈ રહી છે, આ આતંકી હુમલા બાદ દેશ એક સ્વરમાં બોલી રહ્યો છે. પીએમ મોદીએ કહ્યું કે હું પીડિત પરિવારોને ફરી વિશ્વાસ અપાવું છું કે તેને ન્યાય મળશે, ન્યાય મળીને રહેશે. આ હુમલાના દોષિતો અને ષડયંત્ર રચનારને કઠોર જવાબ આપવામાં આવશે.



પહલગામ હુમલામાં મોટો ખુલાસો

## પહલગામ હુમલામાં ૧૫ કાશ્મીરીઓનો હાથ છે

### જમ્મુ-કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ સુરક્ષા દળોએ કાર્યવાહી વધુ તીવ્ર બનાવી દીધી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)જમ્મુ,

જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં હિન્દુઓના નરસંહાર બાદ સુરક્ષા દળો સંપૂર્ણ કાર્યવાહીમાં છે. કાશ્મીર ખીણમાં આતંકવાદીઓનો ખાત્મો શરૂ થઈ ગયો છે. પુલવામાના ત્રાલમાં જૈશ-એ-મોહમ્મદના આતંકવાદી આમિર નઝીરનું ઘર તોડી પાડવામાં આવ્યું. તેમજ પુલવામાના ખાસીપોરામાં જૈશના આતંકવાદી અમીર નઝીર વાનીના ઘરને ઉડાવી દેવામાં આવ્યું.

અત્યાર સુધીમાં કાશ્મીર ખીણમાં આતંકવાદીઓના કુલ ૯ ઘરોને ઉડાવી દેવામાં આવ્યા છે. આ પહેલા શોપિયા જિલ્લાના વાંદીના વિસ્તારમાં આતંકવાદી અદનાન શફીનું ઘર તોડી પાડવામાં આવ્યું હતું. અદનાન શફી લગભગ એક વર્ષ પહેલા લશ્કર-એ-તૈયબા આતંકવાદી સંગઠનમાં જોડાયો હતો. આ પહેલા કુપવાડામાં આતંકવાદી ફારૂક અહેમદના ઘરને ઉડાવી દેવામાં આવ્યું હતું. આ બધા સહિત, અત્યાર સુધીમાં કાશ્મીર ખીણમાં કુલ ૯ આતંકવાદીઓના ઘરો જમીનદોસ્ત કરવામાં આવ્યા છે.

પહલગામમાં હિન્દુઓના નરસંહાર બાદ હવે જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદી નેટવર્ક તોડવા માટે એક મોટું અભિયાન શરૂ કરવામાં આવી રહ્યું છે. શ્રીનગરમાં આતંકવાદી સહાયકોના ૬૪ સ્થળો સામે UAPA હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે, જ્યારે કુલગામમાંથી ૨ આતંકવાદી સહાયકોની ધરપકડ કરવામાં આવી છે. એવું કહેવાય છે કે પહેલગામ આતંકવાદી હુમલામાં સામેલ આતંકવાદીઓને કાશ્મીરમાં જ હાજર ૧૫ ઓવરગ્રાઉન્ડ વર્કર્સે મદદ કરી હતી. આ મદદગારોની ઓળખ ઈલેક્ટ્રોનિક સર્વેલન્સના આધારે કરવામાં આવી છે. ટાઈમ્સ ઑફ ઈન્ડિયાના અહેવાલમાં સૂત્રોને ટાંકીને કહેવામાં આવ્યું છે કે આ લોકોએ હુમલાખોરોને લોજિસ્ટિક્સ પૂરું પાડ્યું હતું અને સંભવતઃ પાકિસ્તાનથી શસ્ત્રોનો માલ પણ મેળવ્યો હતો.

બીજી તરફ કેન્દ્રીય ગૃહ મંત્રાલયે પહલગામ આતંકવાદી હુમલાની તપાસ NIAને સોંપી દીધી છે. હવે NIA જમ્મુ-કાશ્મીર પોલીસ પાસેથી પહેલગામ કેસની ડાયરી અને FIR લેશે. તેમજ જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદી નેટવર્કને તોડવા માટે એક મોટું અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. શ્રીનગરમાં આતંકવાદી સહાયકોના ૬૪ સ્થળો સામે UAPA હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે, જ્યારે કુલગામમાંથી ૨ આતંકવાદી સહાયકોની ધરપકડ કરવામાં આવી છે.

પાકિસ્તાન વિરુદ્ધ મોટા પુરાવા મળ્યા

## પહેલગામ આતંકી હુમલો કરનારા શંકાસ્પદ ત્રાસવાદી કેમેરામાં કેદ

### આ પ્રવાસીએ સમગ્ર વીડિયોની જાણકારી પહેલાગામ આતંકી હુમલાની તપાસ કરતી ઉચ્ચ સુરક્ષા એજન્સી NIAને આપી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ગત મંગળવાર અને ૨૨મી એપ્રિલના રોજ પહેલગામ બૈસરન ખાતે કટ્ટર આતંકવાદીઓએ લોકોનો ધર્મ પુછી પુછીને ૨૬ નિર્દોષ પ્રવાસીઓને મોતને ઘાટ ઉતાર્યા હતા. આ ઘટનાના પડઘા સમગ્ર દેશમાં પડ્યા છે. કાશ્મીરમાં પણ તેમની મુખ્ય રોજીરોટી સમાન પ્રવાસીઓ ઉપર કરાયેલા હિચકારા હુમલાના વિરોધમાં ઉગ્ર દેખાવ કરાયા હતા.

પહેલગામ બૈસરન આતંકી ઘટના પાકિસ્તાન પ્રેરિત હોવાનુ પ્રાથમિક રીતે સાબિત થતા જ ભારતે પાકિસ્તાન વિરુદ્ધ અનેક પગલાંઓ લીધા છે. આતંકી આ ઘટનાની તપાસ દેશની ઉચ્ચ સુરક્ષા એજન્સી ફ્રેંઇને સોંપવામાં આવી છે. આ સંજોગોમાં હવે એક એવો વીડિયો સામે આવ્યો છે, જેમાં શંકાસ્પદ બે આતંકવાદીઓ મોબાઈલ વીડિયોમાં કેદ થયા છે. જે અત્યાર સુધીના સૌથી મોટા સમાચાર હોવાની સાથેસાથે આતંકીઓના સગડ મેળવવામાં મોટી કડી સમાન રહેશે.

ત્રાસવાદી હુમલા બાદ હુમલાખોર આતંકવાદીઓના સ્કેચ જાહેર કરવામાં આવ્યા હતા. પરંતુ હવે આ શંકાસ્પદ આતંકવાદીઓ કેમેરામાં કેદ થયા હોવાની વિગતો સામે આવી છે. મહારાષ્ટ્રમાં એક પ્રવાસીના મોબાઈલ ફોનમાં આ શંકાસ્પદ આતંકવાદીઓ કેદ થયા છે. માવલના પ્રવાસી શ્રીજીત રમેશે આ સંદર્ભમાં NIAને સંપૂર્ણ જાણકારી આપી છે. મહારાષ્ટ્રના આ પ્રવાસી પહેલગામ ગયા હતા, જ્યાં તેઓ તેમની પુત્રીનો એક વીડિયો બનાવી રહ્યા હતા, ત્યારે શંકાસ્પદ આતંકવાદીઓ તેમા કેદ થયા હોવાનું કહેવાઈ રહ્યું છે. આ વીડિયો હાલમાં NIAને સોંપવામાં આવ્યો છે અને NIAએ વીડિયોને આધારે તપાસ શરૂ કરી દીધી છે.શંકાસ્પદ આતંકવાદીઓને મોબાઈલ વીડિયોમાં કેદ કરનારા મહારાષ્ટ્રના પ્રવાસી શ્રીજીતે કહ્યું કે, જ્યારે હું ત્યાં ગયો ત્યારે હું મારી છ વર્ષની દીકરી સાથે રીલ્સ બનાવવા માટે એક વીડિયો શૂટ કરી રહ્યો હતો. અમે આ વીડીયો શૂટ કર્યો, પછી અમે ત્યાંથી પરત ફર્યા, ગુલમર્ગ ગયા, અને પછી પુણે પાછા ફર્યા. પુણે પહોંચ્યા પછી મને આ હુમલાની ખબર પડી. આ દરમિયાન આતંકવાદીઓના સ્કેચ બહાર પાડવામાં આવ્યા, અને અમને એવું લાગ્યું કે અમે સ્કેચમાં જે ચહેરા છે તેમને ક્યાંક જોયા છે. આથી મેં પહેલગામના મારા પ્રવાસ દરમિયાન મોબાઈલમાં ઉતારેલા બધા વીડિયો ચેક કર્યા. તેમાં, અમે જોયું કે આ બંને આતંકવાદીઓને મોબાઈલ કેમરાના વીડિયોમાં આવ્યા હતા. રમેશે કહ્યું કે અમે તેનું ચિત્ર જોયું હતું, તેથી અમને ખાતરી થઈ ગઈ કે આ એ જ સ્કેચવાળા ચહેરા ધરાવનારા છે. મંગળવારે આતંકવાદી હુમલો થયો હતો, જ્યારે આતંકવાદીઓએ ત્યાં પહોંચેલા પ્રવાસીઓ પર ગોળીબાર કર્યો હતો અને તેમને તેમના નામ પૂછ્યા હતા. આ ઘટનામાં સત્તાવાર રીતે ૨૬ લોકોના મોત થયા હતા. જે બાદ હવે ભારતે પાકિસ્તાન સામે કડક કાર્યવાહી કરી છે.

પહેલગામ હુમલા પર બોલ્યા સ્વામી વિજ્ઞાનાનંદ

## સર્જિકલ સ્ટ્રાઈકથી કામ નહીં ચાલે, હવે પાકિસ્તાનના પાંચ ટૂકડા કરવા પડશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ સમગ્ર દેશમાં ગુસ્સો છે. આ આતંકવાદી હુમલા પછી, ભારત સરકારે ઘણા મોટા નિર્ણયો લીધા છે.

આ દરમિયાન, હિન્દુ મેનિફેસ્ટો પુસ્તકના લેખક સ્વામી વિજ્ઞાનાનંદે પાકિસ્તાન પર નિશાન સાધ્યું છે. તેમણે કહ્યું, "દુશ્મન માટે કોઈ દયા ન હોવી જોઈએ અને તેનો સંપૂર્ણ નાશ થવો જોઈએ. તેમણે કહ્યું છે કે તેઓ પીએમ મોદીને સમર્થન આપે છે.

તેમણે એમ પણ કહ્યું કે વડા પ્રધાને આવું નિવેદન આપ્યું છે અને નાગરિકો તરીકે અમે તેનું સમર્થન કરીએ છીએ. હિન્દુ મેનિફેસ્ટોમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે દુશ્મનને હરાવવો અને નાશ કરવો જ જોઈએ. દુશ્મનને હરાવ્યા પછી, તેનો સંપૂર્ણ નાશ કરવો જરૂરી છે જેથી તે ફરીથી ઉભો ન થઈ શકે.

તેમણે કહ્યું કે પહેલા આપણે ૧૯૪૮, ૧૯૬૫, ૧૯૭૧ અને ૧૯૯૯માં ભૂલો કરી હતી અને હવે આપણે તેને પુનરાવર્તન ન કરવી જોઈએ. આપણી સુરક્ષા નાની ઘટનાઓથી નક્કી થઈ શકતી નથી. આપણે અંતિમ અને નિર્ણાયક પગલું ભરવું પડશે.

તેમણે ઉદાહરણ આપ્યું કે એક જનરલે કહ્યું હતું કે આપણે પાકિસ્તાનને પાંચ ભાગમાં વહેંચી દેવું જોઈએ. સિંધ, બલુચિસ્તાન, પીઓકે, પઠાણિસ્તાન અને પંજાબને અલગ કરવા જોઈએ. આનાથી પાકિસ્તાન ૫૦ વર્ષ સુધી શાંત રહેશે. તેમણે કહ્યું કે હવે સર્જિકલ સ્ટ્રાઈક જેવી કાર્યવાહી કામ નહીં કરે. જો આપણે પાકિસ્તાન સાથે વ્યવહાર કરવો હોય તો અંતિમ ઉકેલ હોવો જોઈએ. હિન્દુ મેનિફેસ્ટો મુજબ, દુશ્મનને હરાવવા અને તેનો નાશ કરવો એ આપણું કર્તવ્ય છે. જો આપણે આ નહીં કરીએ, તો દુશ્મન ફરીથી ઉભરી શકે છે.

પુસ્તકના લેખક સ્વામી વિજ્ઞાનાનંદે પોતાના સંબોધનમાં ધ હિન્દુ મેનિફેસ્ટો ના હેતુ અને રચના વિશે વિગતવાર સમજાવ્યું. તેમણે કહ્યું કે મેનિફેસ્ટો શબ્દનો અર્થ જૂથ અથવા વિચારધારાના મૂળભૂત સિદ્ધાંતોને સ્પષ્ટ કરવાનો છે. આ પુસ્તક હિન્દુ દર્શન અને શાસ્ત્રોથી પ્રેરિત છે અને હિન્દુ સમાજના વિચારોને વ્યવસ્થિત રીતે રજૂ કરે છે.

સ્વામી વિજ્ઞાનાનંદે વધુમાં કહ્યું કે ઘણા લોકો પોતાની અંગત દુકાન ચલાવવા માટે હિન્દુ જ્ઞાનનો ઉપયોગ કરે છે, પરંતુ આ પુસ્તકનો હેતુ હિન્દુ વિચારધારાને પુનર્જીવિત કરવાનો અને ઓળખવાનો છે. ધ હિન્દુ મેનિફેસ્ટો આઠ પ્રકરણોમાં વહેંચાયેલું છે, જેમાં દરેક પ્રકરણ સમાજ, અર્થતંત્ર, સંરક્ષણ અને સંસ્કૃતિ જેવા વિવિધ પાસાઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. પહેલા પ્રકરણમાં સમૃદ્ધિ પર ભાર મૂકવામાં આવ્યો છે.

પથ્થરમારામાં પાંચ કર્મચારી ઘાયલ, પોલીસનું ફાયરિંગ

## કટિહારમાં ટોળાનો પોલીસ સ્ટેશન પર હુમલો કરાયો

### ટોળું એક આરોપીને છોડાવવા આવ્યું હતું, ત્યારબાદ પોલીસ સ્ટેશન પર પથ્થરમારો કર્યો છે : તપાસ શરૂ

(સંપૂર્ણ સમાચાર સેવા)કટિહાર

બિહારના કટિહાર જિલ્લામાં રોષે ભરાયેલા ટોળાએ દંડખોરા પોલીસ સ્ટેશન પર હુમલો કર્યો છે, જેમાં પાંચ પોલીસ કર્મચારીઓ ઈજાગ્રસ્ત થયા છે. ટોળું એક આરોપીને છોડાવવા આવ્યું હતું, ત્યારબાદ પોલીસ સ્ટેશન પર પથ્થરમારો કર્યો છે. પોલીસે પણ ભીડને વિખેરવા આત્મરક્ષા માટે ફાયરિંગ કરવું પડ્યું છે. ઘટના બાદ પોલીસને કાફલો ખડકી દેવાયો છે અને મામલાની તપાસ શરૂ કરી દેવાઈ છે.

કટિહારના એસપી વૈભવ શર્માએ કહ્યું કે, 'શુક્રવારે મોડી રાત્રે દંડખોર પોલીસ સ્ટેશન પર ટોળું આવ્યું હતું. ટોળાએ દારુબંધી કાયદાના ઉલ્લંઘનમાં કસ્ટડીમાં લેવાયેલા વ્યક્તિને છોડાવવાનો પ્રયાસ કર્યો હતો. ટોળું પોલીસ સ્ટેશનના પરિસરમાં ઘૂસી ગયું હતું અને ડ્યુટી પર હાજર પોલીસ કર્મચારીઓ પર પથ્થરમારો કર્યો હતો. જેમાં પાંચ પોલીસ કર્મચારીઓ ઈજાગ્રસ્ત થયા છે. એસપીએ કહ્યું કે, 'પોલીસ કર્મચારીઓને ટોળાને વિખેરવા માટે આત્મરક્ષણમાં ફાયરિંગ કર્યું છે. ટોળું લૉકઅપમાં બંધ વ્યક્તિને છોડાવી શકી નથી. આ મામલામાં પાંચ લોકોની ધરપકડ કરવામાં આવી છે. આરોપીઓ વિરુદ્ધ ભારતી ન્યાય સંહિતા હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. વર્ષ ૨૦૧૬માં બિહારમાં દારુના વેચાણ પર પ્રતિબંધ લગાવાયો હતો. ગયા મહિને બિહારના ગયામાં આવી જ ઘટના બની હતી. કેટલાક લોકોએ પોલીસની ટીમ પર હુમલો કર્યો હતો, જેમાં બે પોલીસ કર્મચારીઓ ઘાયલ થયા હતા. ઘાયલમાં એક મહિલા કોન્સ્ટેબલ પણ હતી. પરૈયા પોલીસ સ્ટેશનના પ્રભારી પ્રમોદ કુમારે કહ્યું હતુ કે, કેટલાક લોકો દ્વારા એક વ્યક્તિને બંધક બનાવાયો હતો, જેને પોલીસ છોડાવવામાં ગઈ હતી. જોકે ભારે વિવાદ છતાં પોલીસ બંધકને છોડાવવામાં સફળ થઈ હતી.

૧ કલાકની મહેનત બાદ આગ પર કાબુ મેળવી શક્યા

## દક્ષિણ મુંબઈના બેલાર્ડ એસ્ટેટમાં આવેલી EDની ઓફિસમાં આગ

### ઓફિસ કરીમભોય રોડ પર ગ્રાન્ડ હોટેલ પાસે આવેલી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

દક્ષિણ મુંબઈના બેલાર્ડ એસ્ટેટમાં આવેલી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) ની ઓફિસમાં ભીષણ આગ લાગી હોવાના સમાચાર છે. જેના કારણે સમગ્ર વિભાગમાં ખળભળાટ મચી ગયો છે. ઘટનાની માહિતી મળતા જ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને આગ ઓલવવાનું કામ શરૂ કરવામાં આવ્યું હતું. આ મામલે અધિકારીઓનું કહેવું છે કે હજુ સુધી કોઈ જાનહાનિની માહિતી મળી નથી. અધિકારીઓએ જણાવ્યું હતું કે ફાયર બ્રિગેડને આજે રાત્રે લગભગ ૨:૩૧ વાગ્યે બહુમાળી કૈસર-એ-હિન્દ ઈમારતમાં આગ લાગવાની માહિતી મળી હતી. જેમાં ED ની ઓફિસ કરીમભોય રોડ પર ગ્રાન્ડ હોટેલ પાસે આવેલી છે. ફાયર વિભાગના જણાવ્યા અનુસાર, લગભગ ૧ કલાકની મહેનત બાદ, સવારે લગભગ ૩:૩૦ વાગ્યા સુધીમાં આગ પર મોટાભાગે કાબુ મેળવી લેવામાં આવ્યો હતો. ફાયર અધિકારીઓ પાસેથી મળેલી માહિતી મુજબ, આગ લેવલ-૨ ની હતી. જેને સામાન્ય રીતે મોટો અકસ્માત માનવામાં આવે છે. જો કે આગ લાગવાનું કારણ હજુ સુધી જાણવા નથી મળ્યું. આગ ઓલવવા માટે ૮ ફાયર એન્જિન મોકલવામાં આવ્યા હતા. ઘટનાસ્થળે ૬ જમ્બો ટેન્કર, એક એરિયલ વોટર ટાવર ટેન્ડર, એક રેસ્ક્યુ વેન, એક ક્વિક રિસ્પોન્સ વાહન અને ૧૦૮ સેવાની એક એમ્બ્યુલન્સ તૈનાત કરવામાં આવી છે.

પહેલગામ હુમલા બાદ ભારતનો મોટો નિર્ણય

## BRICS દેશોના NSA અને મંત્રીઓની બેઠકમાં સામેલ નહીં થાય અજિત ડોભાલ અને એસ જયશંકર

### અહેવાલ મુજબ, ડેપ્યુટી NSA પવન કપૂર આ બેઠકમાં અજિત ડોભાલના સ્થાને ભારતનું પ્રતિનિધિત્વ કરશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પહેલગામ આતંકવાદી હુમલા બાદ પાકિસ્તાન સાથે વધતા તણાવને કારણે, NSA અજિત ડોભાલ અને વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર આવતા અઠવાડિયે BRICS NSA અને વિદેશ મંત્રીઓની બેઠકમાં હાજરી આપશે નહીં. આ બેઠક ૩૦ એપ્રિલે બ્રાઝિલમાં યોજાશે. અહેવાલ મુજબ, ડેપ્યુટી NSA પવન કપૂર આ બેઠકમાં અજિત ડોભાલના સ્થાને ભારતનું પ્રતિનિધિત્વ કરશે. બ્રિક્સ એનએસએ બેઠકમાં, સરહદ પાર આતંકવાદ તેમજ અન્ય આંતરરાષ્ટ્રીય સુરક્ષા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે. સૂત્રોએ જણાવ્યું હતું કે સરહદ પારથી આતંકવાદ, આતંકવાદીઓને ભંડોળ પૂરું પાડવું અને તેમના નેટવર્કને ખતમ કરવું આ બેઠકના સૌથી મહત્વપૂર્ણ મુદ્દાઓમાં સામેલ હશે.

જુલાઈમાં યોજાનારી સમિટના કાર્યસૂચિને અંતિમ સ્વરૂપ આપવા અને તેને સુધારવા માટે ૧૧ બ્રિક્સ દેશોના વિદેશ પ્રધાનો અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારો એકસાથે મળશે. આ બેઠક ખાસ કરીને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ક્લાઈમેટ ફાઈનાન્સ, ક્રોસ બોર્ડર પેમેન્ટ પહેલ અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓમાં સુધારા જેવા મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરશે.

માહિતી અનુસાર, રિયો ડી જાનેરોમાં ૬-૭ જુલાઈના રોજ યોજાનારી બ્રિક્સ સમિટમાં આર્ટિફિશિયલ ઈન્ટેલીજન્સ અને ક્લાઈમેટ ચેન્જ, નાણાકીય બાબતો પર વિશેષ દસ્તાવેજો તૈયાર કરવામાં આવશે અને તેને અપનાવવામાં આવે તેવી શક્યતા છે. પહેલગામ આતંકવાદી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે વધી રહેલા તણાવ વચ્ચે, ભારતીય નૌકાદળના યુદ્ધ જહાજોએ લાંબા અંતરના ચોકસાઈ હુમલા માટે તેમની તૈયારી દર્શાવતા અભ્યાસ સફળતાપૂર્વક હાથ ધર્યો. ભારતીય નૌકાદળના એક અધિકારીએ જણાવ્યું હતું કે, "ભારતીય નૌકાદળના જહાજોએ લાંબા અંતરના ચોકસાઈવાળા આક્રમક હુમલા માટે પ્લેટફોર્મ, સિસ્ટમ અને ક્રૂની તૈયારીને ફરીથી પ્રમાણિત કરવા અને દર્શાવવા માટે વિનાશક કવાયત સફળતાપૂર્વક હાથ ધરી હતી." તેમણે કહ્યું કે ભારતીય નૌકાદળ રાષ્ટ્રના દરિયાઈ હિતોનું રક્ષણ કરવા માટે ગમે ત્યારે, ગમે ત્યાં અને દરેક રીતે યુદ્ધ માટે તૈયાર છે.

શનિવારે રાત્રે (૨૬ એપ્રિલ) પાકિસ્તાની સેનાએ જમ્મુ અને કાશ્મીરમાં નિયંત્રણ રેખા (એલઓસી) પર તુતમારી ગલી અને રામપુર સેક્ટરની સામે સ્થિત ભારતીય ચોકીઓ પર ગોળીબાર કર્યો હતો. ભારતીય સેનાએ પણ આ ફાયરિંગનો જવાબ આપ્યો હતો. ભારતીય સેનાના જણાવ્યા અનુસાર આ ઘટનામાં કોઈને ઈજા થઈ નથી.

# તંત્રી લેખ......

## રાજદ્વારી વળતા હુમલા બાદ હવે લશ્કરી પગલાં

કાશ્મીરમાં આતંકવાદીઓએ હિન્દુ પર્યટકોની હત્યા કરીને કાળો કેર વર્તાવ્યો, તેના જવાબમાં ભારતે કૂટનીતિ - ડિપ્લોમેટિક મોરચે પગલાં જાહેર કર્યાં તેનો અર્થ એવો નથી કે, લશ્કરી પગલાં નહીં લેવાય. આ તો શરૂઆત થઈ છે. લશ્કરી પગલાં માટે પાકિસ્તાનને ‘નોટિસ’ આપવાની જરૂર નથી! ભારતીય સેના - સશસ્ત્ર દળોને સંપૂર્ણ સત્તા-છુટ્ટો હાથ આપવામાં આવ્યો છે. સમય અને સ્ટ્રેટેજી આપણી સેના નક્કી કરશે, પણ વડાપ્રધાન મોદીએ આતંકવાદના પાકિસ્તાની આકાઓને ચેતવણી નહીં - ખુલ્લી ધમકી આપી દીધી છે કે, આતંકવાદી હત્યારાઓ દુનિયાના છેડા ઉપર છુપાયા હશે તો પણ શોધીને ‘ન્યાય’ માટે ઊભા કરવામાં આવશે. આતંકવાદીઓના ‘માલિકો’ને પણ એવી સજા થશે જેની તેઓ કલ્પના પણ નહીં કરી શકે. બિહારના મધુબનીમાં જાહેર સભામાં મોદીએ હત્યારાઓનો શિકાર બનેલા ભારતીયોને શ્રદ્ધાંજલિ આપવા મૌન પાળીને શરૂઆત કરી - આ પછી દુનિયાના ખૂણેખૂણે સંદેશો પહોંચે તે માટે અંગ્રેજીમાં ઉપરોક્ત ચેતવણી આપી છે, હવે ભારત લશ્કરી પગલાં ભરી બતાવશે. ભારતે ડિપ્લોમેટિક મોરચો ખોલ્યો તેની પણ પાકિસ્તાનને કલ્પના નહોતી. સામાન્ય રીતે આવી સ્થિતિમાં હાઈ કમિશનમાંથી સભ્યોને ભારત છોડવાની તાકીદ થાય, પણ આ વખતે ભારતે વિઝા રદ કર્યા અને પાકિસ્તાનીઓને તાકીદે ભારત છોડવા જણાવ્યું. સિંધુ નદીનાં જળ વહેંચણી કરારનો અમલ રોકવાનો નિર્ણય પાકિસ્તાન માટે ઘણો ગંભીર - ઊંઘ ઉડાવે તેવો છે. પાકિસ્તાને આવી કલ્પનાં સપનાંમાં પણ નહીં કરી હોય. હવે પાકિસ્તાનના ખેરખાંઓ ચોંકી ઊઠયા છે, પણ ટાંગ તો ઊંચી બતાવવી છે! પાકિસ્તાનનું અર્થતંત્ર - ડચકા ખાય છે - તે સૂકાઈ જવાની શક્યતા છે. સિંધુ ઉપરાંત ઝેલમ અને ચિનાબનાં પાણી સ્રોત બંધ થાય અથવા અલગ માર્ગે વાળી લેવાય તેની અસર લાખો લોકો ઉપર પડશે અને લોકો વલખાં મારે ત્યારે પાકિસ્તાનના લશ્કરી શાસકોને મઝહબ યાદ આવશે અને અલ્લાહને પોકારશે પણ ઈસ્લામમાં આતંકને સ્થાન નથી. બેકસૂર, નિઃશસ્ત્ર લોકોના હત્યારાઓને અલ્લાહ-ખુદા પણ માફ નહીં કરે. પાકિસ્તાની આવામ - આમજનતાને ટાંગ ઊંચી બતાવવા ખાતર ભારતને જવાબ આપવા પગલાં જાહેર કર્યાં છે - તેમાં પણ ભારતની નકલમાં અકલ નથી! વિઝા રદ વગેરે જાહેરાત થઈ છે અને સિંધુ નદીનાં જળ ઉપર પાકિસ્તાનનો હક છે - નદીનું વહેણ અટકાવી અથવા બદલી શકાય નહીં એમ કહીને ભારતને ધમકી આપી છે કે - આ યુદ્ધ જેવું પગલું છે અને પાકિસ્તાન તેની પૂરી તાકાતથી જવાબ આપશે! પાકિસ્તાને મધપૂડો છંછેડયો છે. હવે કહે છે કે, શિમલા કરાર જેવા અન્ય દ્વિપક્ષી કરાર પણ રદ કરાશે એમ કહીને વળતો આક્ષેપ કર્યો છે કે પાકિસ્તાનમાં ભારતની આતંકવાદી કામગીરી બંધ નહીં થાય અને કાશ્મીર અંગેના યુનાઈટેડ નેશન્સના ઠરાવનો અમલ નહીં થાય ત્યાં સુધી દ્વિપક્ષી કરાર - રોકી રાખવાનો પાકિસ્તાનનો અધિકાર અબાધિત છે! આતંકવાદી આક્રમણની સખત ટીકા કરીને ભારતને સમર્થન આપનારા દેશોમાં અમેરિકા, રશિયા અને ચીન પણ છે. યુરોપિયન યુનિયન પણ છે, ત્યારે ભારત હવે લશ્કરી પગલાં ભરે ત્યારે પાકિસ્તાનની કાગારોળ - હાય હાય હમ મર ગયે - કોણ સાંભળશે? હકીકતમાં પાકિસ્તાની જનતા પણ ‘લશ્કર-રાજ’ સામે અવાજ ઉઠાવી રહી છે. અફઘાન અને બલુચ લોકો તો પાકિસ્તાની સેના સામે લડી રહ્યા છે. પાકિસ્તાની કબજા હેઠળના કાશ્મીરમાં લોકો આઝાદી માગે છે. આપણા સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહે તો કહ્યું છે કે, પાકિસ્તાની કાશ્મીરના લોકો સામેથી આવીને ભારત સાથે જોડાવા તૈયાર છે ! પાકિસ્તાન જો ભારત સાથે ભીડવાનું દુઃસાહસ કરે તો આખરે કાશ્મીર લેવા જતાં ઈસ્લામાબાદ ગુમાવશે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ’મન કી બાત’માં અમદાવાદની સરાહના કરી

# અમદાવાદ શહેરમાં છેલ્લાં ત્રણ વર્ષમાં ૭૦ લાખથી વધુ વૃક્ષોનું વૃક્ષોરોપણ

### ૭૦ લાખથી વધુ વૃક્ષોના વાવેતર અને જળ સંચય માટે વોટર બોર્ડિંઝના વધારાથી અમદાવાદ ગ્લોબલ વોર્મિંગ સામે લડનારા મુખ્ય શહેરોમાંનું એક શહેર બન્યું

અમદાવાદ મહાનગરે ૭૦ લાખથી વધુ વૃક્ષોનું વાવેતર અને સાબરમતી રીવર ફ્રન્ટ ના પરિણામે તથા કાંકરીયા સહિતના તળાવોના પુનઃ નિર્માણ દ્વારા જળસંચય- સંગ્રહ તથા ગ્રીન કવરમાં નોંધપાત્ર વધારો કર્યો છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ લોકપ્રિય કાર્યક્રમ મન કી બાતના તારીખ ૨૭ એપ્રિલના એપિસોડમાં અમદાવાદ મહાનગરની આ નોંધપાત્ર કામગીરીની પ્રશંસા કરી હતી. વૃક્ષાચ્છાદિત આવરણ વધતા અને જળસંગ્રહ ક્ષમતા માટેના ઉપાયો હાથ ધરાતા અમદાવાદ ગ્લોબલ વોર્મિંગ સામે લડનારા મુખ્ય શહેરોમાંનું એક શહેર બન્યું છે એમ પણ પ્રધાનમંત્રીશ્રીએ જણાવ્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલે વડાપ્રધાનશ્રીએ કરેલી આ પ્રશંસા અમદાવાદ સહિત સમગ્ર રાજ્ય માટે ’એક પેડ મા કે નામ’ ના આહવાનને જીલી લેવાની નવી પ્રેરણા પૂરી પાડશે તેમ જણાવ્યું હતું.

’એક પેડ મા કે નામ’ અને ’કેચ ધ રેઈન’ જેવા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા સંકલ્પો પાર પાડવા ગુજરાત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં સંપૂર્ણ સજ્જ છે.

રાજ્યના શહેરો નગરોના સર્વગ્રાહી વિકાસની નેમ સાથે આ વર્ષને શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવીને પર્યાવરણપ્રિય અને સાતત્યપૂર્ણ વિકાસ માટે રાજ્ય સરકારના શહેરી વિકાસ વિભાગે સંગીન આયોજન કર્યું છે.

મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શનમાં શહેરી વિકાસ વિભાગે ગ્રીન કવર વધારવાના ઉદેશ્યો સાથેના કેટલાક મહત્વપૂર્ણ નિર્ણયો પણ કર્યા છે.

અમદાવાદ મહાનગરપાલિકાએ ’કેચ ધ રેઈન’ અન્વયે રેઈન વોટર હાર્વેસ્ટિંગ માટે પરકોલેટિંગ વેલ, ખંભાતી કુવા તથા જળસંચયના જે કામો જનભાગીદારીથી મોટા પાયે હાથ ધર્યા છે તે પ્રોજેક્ટને રાજ્ય વ્યાપી બનાવવા માટે કેચ ધ રેઈન માટે રૂ.૨૦૦ કરોડની જોગવાઈ બજેટમાં કરવામાં આવી છે.

આ ઉપરાંત જળસંચયના ભાગરૂપે રાજ્યના મોટા મહાનગરોના તળાવનું ઈન્ટર લિંકિંગ કરવાનું આયોજન પણ આ શહેરી વિકાસ વર્ષમાં કરાયું છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ધરતી માતાનું સ્વાસ્થ્ય જાળવી રાખવા સાથે આવનારી પેઢીના ભાવિની સુરક્ષા હેતુસર ક્લાઈમેટ ચેન્જના પડકારોને પહોંચી વળવા વધુને વધુ વૃક્ષો ’એક પેડ માં કે નામ’ અભિયાનથી વાવવાનું દેશવાસીઓને આહવાન કર્યું છે.

ગુજરાતે મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં આગામી ચોમાસા પહેલા આ અભિયાન રાજ્યભરમાં હાથ ધરીને ૫૦ લાખથી વધુ વૃક્ષો શહેરી વિસ્તારોમાં વાવવાનું નક્કી કર્યું છે.

આ ઉપરાંત શહેરી વિકાસ વર્ષ ૨૦૨૫ અન્વયે રાજ્યના મહાનગરોમાં એક હેક્ટરથી વધુ વિસ્તાર અને ૪૦,૦૦૦થી વધુ વૃક્ષો વાવી શકાય તે રીતે ૧૦૦થી વધુ અર્બન ફોરેસ્ટ ઊભા કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

રાજ્ય સરકારે નવી ટાઉન પ્લાનિંગ સ્કીમમાં એક ટકા જમીન અર્બન ફોરેસ્ટ માટે અનામત રાખવાનું પણ ફરજિયાત બનાવ્યું છે. તેમજ જે નગરપાલિકાઓમાં એક પણ બગીચો ન હતા તેવી ૩૮ નગરપાલિકાઓમાં બગીચાઓના નિર્માણનું આયોજન કર્યું છે.

મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલના સતત માર્ગદર્શન અને દ્રષ્ટિવંત નેતૃત્વમાં અમદાવાદ મહાનગર પાલિકાએ પણ ગ્રીન કવર વધારવામાં અનેક સિદ્ધિઓ મેળવી છે.

અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા આ સંદર્ભે આપવામાં આવેલી વિગતો અનુસાર અમદાવાદમાં ૨૦૨૦-૨૧થી ૨૦૨૪-૨૫ વચ્ચે ૯૩ લાખથી અધિક વૃક્ષો વાવવામાં આવ્યા છે. જેમાં છેલ્લા ત્રણ વર્ષમાં ૭૦ લાખ વૃક્ષોનો સમાવેશ થાય છે.

મિશન મિલિયન ટ્રીઝ ઝુંબેશ અમદાવાદમાં શરૂ કરીને નાગરિકોની સહભાગીતાથી સઘન વૃક્ષારોપણ કરવામાં આવ્યું છે. પાછલા પાંચ વર્ષમાં ૨૬૦થી વધુ અર્બન ફોરેસ્ટ અને ઓક્સિજન પાર્ક અમદાવાદમાં ડેવલપ થયા છે.

આ બધાના પરિણામે ૨૦૨૩ સુધી સરેરાશ વૃક્ષ અસ્તિત્વ દર ૬ ટકા હતો તે ૨૦૨૪માં ૮.૪% થયો છે. ’એક પેડ મા કે નામ’ જેવા અભિયાનને પરિણામે અમદાવાદનું હાલનું વૃક્ષ આવરણ ૬૦ ચોરસ કિલોમીટર છે જે શહેરના કુલ વિસ્તારના ૧૨.૫ ટકા જેટલું થયું છે.

અમદાવાદ મહાનગરપાલિકાના આ સંકલિત પ્રયાસોને પરિણામે વ્યક્તિદીઠ ગ્રીન કવર ૨૦૨૧માં ૬.૮ ચોરસ કિલોમીટરથી વધીને ૨૦૨૪માં ૮.૪ થયું છે. આ ઉપરાંત મહાનગરપાલિકાના ૪૮ વોર્ડમાંથી ૪૧વોર્ડમાં વૃક્ષાચ્છાદિત વિસ્તારોમાં પણ વધારો થયો છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ અને માર્ગદર્શનમાં શહેરી વિકાસ વિભાગ શહેરી વિકાસ વર્ષમાં નગરોના ગ્રીન કવર એરિયામાં વધારો કરવાની દિશામાં આગળ વધી રહ્યો છે.

અમદાવાદ મહાનગરપાલિકાએ આ વર્ષમાં સમગ્ર શહેરમાં ૪૦ લાખ વૃક્ષો વાવવાનો લક્ષ્યાંક રાખ્યો છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અમદાવાદ મહાનગરમાં વૃક્ષાચ્છાદિત વિસ્તાર અને જળસંચયના કામોની કરેલી સરાહના આ માટે સમગ્ર રાજ્યનું પ્રોત્સાહન કરનારી બની રહેશે.

’ફાલસાનો પલ્પ, આવકનો જમ્પ’ : એક મહિનામાં આઠ લાખનો ચોખ્ખો નફો

# વાંચ ગામના અમિતભાઈ ફાલસાની ખેતી અને તેના મૂલ્યવર્ધન થકી એક મહિનાની સીઝનમાં મેળવે છે ૧૨-૧૩ લાખની આવક

આલેખન :- મિનેશ પટેલ,
પ્રાદેશિક માહિતી કચેરી,
અમદાવાદ

અમદાવાદના વાંચ ગામના ખેડૂત શ્રી અમિતભાઈ શાહે બાગાયતી પાકોના કોમર્શિયલાઈઝેશનમાં નવો ચીલો ચાતર્યો છે. ફાલસાની ખેતી અને તેના મૂલ્યવર્ધન થકી ફાલસાનો પલ્પ બનાવીને તેઓ સીઝનમાં ૧૨-૧૩ લાખની અધધ આવક મેળવી રહ્યા છે. તમામ ખર્ચાઓ બાદ કરતા પણ અમિતભાઈ ફાલસાના પાકની એક મહિનાની ટૂંકી સીઝનમાં ૮ લાખ જેટલો ચોખ્ખો નફો મેળવે છે.

અમદાવાદના દસ્ક્રોઈ તાલુકાનું વાંચ ગામ મુખ્યત્વે ફટાકડાના કારખાનાઓ માટે જાણીતું છે. ફટાકડા બાદ ફાલસાની બાગાયતી ખેતી આ ગામની નવી ઓળખ બની રહી છે. ગામમાં મોટાપાયે થતાં ફાલસાના વાવેતર અને ઉત્પાદને વાંચ ગામને નવી ઓળખ આપી છે. વ્યવસાયે પ્રિન્ટિંગ પ્રેસના કારોબાર સાથે સંકળાયેલા વાંચના ખેડૂત અમિતભાઈ બાગાયતી ખેતી સાથે પણ દિલથી જોડાયેલા છે. પોતાની ૪.૨૫ વીઘા જમીન ઉપરાંત ભાડા પેટે અન્ય ૫ વીઘા જમીન મેળવીને કુલ ૯ વીઘા જેટલી જમીનમાં તેઓ ખેતી કરે છે. જેમાં ૫ વીઘામાં ફાલસાનું વાવેતર કર્યું છે. અમિતભાઈ જણાવે છે, "જે ફાલસાના બજારમાં કિલોના ૧૫૦ રૂપિયા મળે છે, એ જ ફાલસાનો પલ્પ બનાવીને બજારમાં વેચીએ તો તેના ત્રણ ગણા ભાવ મળે છે. બાગાયત ખાતાની ૧ લાખની સહાય મેળવીને મેં આ વર્ષે પ્રોસેસિંગ યુનિટ સ્થાપ્યું છે. ભૂતકાળમાં આમળા અને પપૈયાના પાકોના વાવેતર માટે પણ સહાય મેળવેલી છે. વેલ્યુ એડિશન થકી સાદી ખેતી કરતા ખેડૂતમાંથી હવે હું મૂલ્યવર્ધન કરતો ખેડૂત બન્યો છું. આજે ’ફાર્મ ફ્રેશ’ બ્રાન્ડ નેમથી પલ્પ વેચું છું. હોલસેલ અને રિટેલમાં રેસ્ટોરન્ટ, વેપારીઓ તથા હાઉસહોલ્ડને વેચાણ કરું છું. તમામ ખર્ચાઓ બાદ કરતા પાંચ વીઘાના પાકમાંથી આશરે આઠેક લાખનો ચોખ્ખો નફો મળી રહે છે."

અમિતભાઈના જણાવ્યા અનુસાર ફાલસાની સમગ્ર સીઝન એક મહિના જેટલી જ હોય છે. ડિસેમ્બર માસમાં કાપણી કર્યા બાદ એપ્રિલના પ્રથમ અઠવાડિયા આસપાસ ફાલ આવવાનું શરૂ થાય છે. આ વર્ષે તેમને ૬૦૦૦ કિલો જેટલા ફાલસાનું ઉત્પાદન મળવાનો અંદાજ છે.

જેમાંથી ૩૦૦૦ કિલો તેઓ બજારમાં વેચશે અને બાકીના ૩૦૦૦ કિલો ફાલસામાંથી પલ્પ બનાવશે. ૩૦૦૦ કિલો ફાલસામાંથી ૨૦૦૦ કિલો જેટલો પલ્પ બનશે.

૨૦૦૦ કિલો પલ્પની આવક ૯ લાખ જેટલી અને ૩૦૦૦ કિલો ફાલસાની સીધા વેચાણની આવક ૪ લાખ જેટલી મળવાનો અંદાજ છે. ૧૩ લાખની અંદાજીત કુલ આવકમાંથી કોલ્ડ સ્ટોરેજના ભાડા સહિતના તમામ નાના મોટા ખર્ચાઓ મેળવીને કુલ ખર્ચ ૪થી ૫ લાખ જેટલો રહેશે. આમ, એક મહિનાની સીઝનમાં અમિતભાઈ ૮ લાખ જેટલો ચોખ્ખો નફો મેળવશે. ફાલસાના ફળની આવરદા ઓછી હોવાથી તેને ઓછા તાપમાને સ્ટોર કરીને રાખવા પડે છે.

અમદાવાદના ઈન્ચાર્જ નાયબ બાગાયત નિયામક શ્રી જયદેવ પરમાર જણાવે છે કે અમદાવાદ જિલ્લાના ખેડૂતો બાગાયતી પાકોના કોમર્શિયલાઈઝેશન અને મૂલ્યવર્ધન ક્ષેત્રે ખૂબ જ રસ દાખવી રહ્યા છે. બાગાયતી ખેતી અને પાકોના મૂલ્યવર્ધનમાં અવનવા પ્રયોગો થકી ખેડૂતો સફળતા મેળવી રહ્યા છે. જિલ્લાના બાગાયતદાર ખેડૂતોને બાગાયત ખાતા દ્વારા વિવિધ ૪૭ જેટલા ઘટકોમાં વિવિધ યોજનાકીય સહાયોના લાભ આપવામાં આવે છે.

ફાલસાનું પ્રોસેસિંગ

અમિતભાઈ ફક્ત ખાંડ અને મીઠાનો ઉપયોગ કરીને પલ્પ બનાવે છે. જેમાં કોઈ પણ પ્રિઝર્વેટિવનો ઉપયોગ કરતા નથી.

વીણીને લેવાયેલા ફાલસાના ફળોનું મીઠાના પાણીમાં વોશિંગ કર્યા બાદ તેનું પલ્પિંગ કરીને પલ્પ બનાવાય છે. પલ્પમાં સુગર અને મીઠું ભેળવીને ફાઈનલ પ્રોડક્ટનું પેકિંગ કરવામાં આવે છે.

ફાલસાના આરોગ્ય સંબધિત ફાયદા

સ્વાદ અને સ્વાસ્થ્ય બંનેમાં અવ્વલ હોવાથી અને પ્રકૃતિમાં ઠંડા હોવાથી ઉનાળામાં ફાલસાની ખૂબ જ ડિમાન્ડ રહેતી હોય છે.

કાર્બોહાઈડ્રેટ્સ, વિટામીન અને ફાઈબરથી ભરપૂર ’નેચરલ કૂલિંગ એજન્ટ’ તરીકે ઓળખાતા ફાલસા હિટ સ્ટ્રોક સામે રક્ષણ આપવા ઉપરાંત બ્લડ શુગર લેવલ કંટ્રોલ કરવા સહિત હાયપરટેન્શન અને એનેમિયા જેવા રોગોમાં પણ ઉપયોગી સાબિત થાય છે. ફાલસાના પલ્પ, શરબત, શોટ્સ સહિત અન્ય ઘણી રીતે લોકો ઉનાળામાં ફાલસાની મજા માણતા હોય છે.

પહેલગામમાં હુમલા બાદ LoC પર તણાવ

# LoC પર યુદ્ધની તૈયારી! ગામ લોકો સતર્ક, શરૂ કરી બંકરોની સફાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)જમ્મુ

જમ્મુ કાશ્મીરના પહેલગામમાં તાજેતરમાં થયેલા આતંકવાદી હુમલાએ ઘાટીના લોકોને ફરીથી ચેતવણી આપી છે. નિયંત્રણ રેખા (LoC) નજીક રહેતા લોકોએ બંકરો સાફ કરવાનું શરૂ કરી દીધું છે. આ પરિસ્થિતિ અહીં પહેલા રોજિંદા બનતી પરિસ્થિતિની યાદ અપાવે છે. લોકો મોદી બંકરોમાં ધાબળા અને પથારી જેવી રોજિંદા જરૂરી ચીજવસ્તુઓથી ભરી રહ્યા છે. ગ્રામજનો સૌથી ખરાબ સ્થિતિ માટે તૈયારી કરી રહ્યા છે. નાગરિકોને સરહદ પારથી થતા ગોળીબારથી બચાવવા માટે નિયંત્રણ રેખા (LoC) નજીક બંકરો બનાવવામાં આવી છે. આ બંકરોને અનૌપચારિક રીતે મોદી બંકર કહેવામાં આવે છે. તે પીએમ મોદીના બીજા કાર્યકાળ દરમિયાન મોટી સંખ્યામાં બનાવવામાં આવી હતી. આ સરહદ નજીક રહેતા લોકોની સુરક્ષા વધારવા માટે સરકારે શરૂ કરેલી પહેલનો એક ભાગ હતો. સરકારે અગાઉ પૂંછ અને રાજૌરી જેવા ઉચ્ચ જોખમવાળા વિસ્તારોમાં વ્યક્તિગત અને સમુદાય બંકરો બનાવવા માટે નાણાકીય અને તકનીકી સહાય પૂરી પાડી હતી. કેન્દ્રએ શરૂઆતમાં જમ્મુ, કઠુઆ, પૂંછ, સાંબા અને રાજૌરી જેવા ૫ જિલ્લાઓમાં ૧૪,૪૬૦ બંકરોને મંજૂરી આપી હતી. બાદમાં વધુ સંવેદનશીલ વસ્તીને આવરી લેવા માટે ૪,૦૦૦ વધુ બંકરોને મંજૂરી આપવામાં આવી. કરમાડા ગામના એક રહેવાસીએ કહ્યું કે ગામલોકો બંકરો ભૂલી ગયા હતા, તેથી હવે તેની સફાઈ કરવામાં આવી રહી છે. લોકોમાં ભયનું વાતાવરણ છે, પરંતુ અમને આશા છે કે ઘાટીમાંસંવાદિતા જળવાઈ રહેશે. અન્ય એક રહેવાસીએ કહ્યું, અમે સરકાર સાથે ઉભા છીએ. અમે આતંકવાદી હુમલાની સખત નિંદા કરીએ છીએ, અમે અમારી સેના અને વહીવટના સમર્થનમાં છીએ. જ્યારે પણ તેમને અમારી જરૂર હોય, ત્યારે અમે દરેક શક્ય રીતે મદદ કરવા તૈયાર છીએ, અમારા જીવનું બલિદાન આપવા માટે પણ. રહેવાસીએ કહ્યું કે તેમનું ઘર ઘાટીની નજીક આવેલું છે. અગાઉ અહીં ગોળીબારની ઘણી ઘટનાઓ બની હતી. તેઓ તેમના પરિવારોને આવી ઘટનાઓથી સુરક્ષિત રાખવા માટે બંકરો સાફ કરી રહ્યા છે.

પગે પડવા લાગ્યો બિલાવલ ભુટ્ટો

# પહેલગામ હુમલા પર ભારતની કાર્યવાહીથી પાક.ની નિકળી ગઈ હવા

**(પીપીપી અધ્યક્ષ બિલાવલ ભુટ્ટો ઝરદારીએ બંને દેશોને વિવાદોના ઉકેલ વાતચીતનો આશરો લેવા વિનંતી કરી**

(સંપૂર્ણ સમાચાર સેવા)ઈસ્લામાબાદ

પહેલગામ આતંકવાદી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ ચરમસીમાએ છે. ભારતના આ પગલાથી પાકિસ્તાનનો ઘમંડ દૂર થઈ ગયો છે. એવું માનવામાં આવે છે કે ભારત આગામી દિવસોમાં પાકિસ્તાન સામે વધુ મોટી કાર્યવાહી કરી શકે છે. આ દરમિયાન, પાકિસ્તાન ભારત પાછળ પડી ગયું છે અને વાતચીત દ્વારા તણાવ ઓછો કરવાની વિનંતી કરી રહ્યું છે. પાકિસ્તાન પીપલ્સ પાર્ટી (પીપીપી) ના અધ્યક્ષ બિલાવલ ભુટ્ટો ઝરદારીએ બંને દેશોને વિવાદોના ઉકેલ માટે વાતચીતનો આશરો લેવા વિનંતી કરી છે. એક ખાનગી પાકિસ્તાની ટીવી ચેનલને આપેલા ઈન્ટરવ્યુમાં, બિલાવલે નવી દિલ્હી દ્વારા વાતચીત કરવાનો ઈનકાર કરવા બદલ દુઃખ વ્યક્ત કર્યું અને કહ્યું કે પાકિસ્તાન સરકારે વાતચીતની ઓફર કરી હતી, પરંતુ ભારતે તેનો ઈનકાર કરી દીધો. આનો અર્થ એ થયો કે એ સ્પષ્ટ છે કે હુમલો કરનાર પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા વાટાઘાટોના આ નાટકનો ભારત પર કોઈ પ્રભાવ પડ્યો નથી અને ભારત આતંકવાદી હુમલા માટે પાકિસ્તાનને યોગ્ય જવાબ આપવા તૈયાર છે. પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા પાછળ પાકિસ્તાનનો હાથ છે. આ હુમલામાં ૨૬ લોકો માર્યા ગયા હતા. ત્યારબાદ ભારતે સિંધુ જળ સંધિ અટકાવી દીધી, જેના કારણે પાકિસ્તાનમાં પાણીની અછત સર્જાઈ શકે છે. ભારતે અટારી બોર્ડર પણ બંધ કરી દીધી હતી અને પાકિસ્તાની નાગરિકોના વિઝા રદ કર્યા હતા. આ કાર્યવાહીથી ગુસ્સે થયેલા પાકિસ્તાને શાહબાઝ શરીફના નેતૃત્વમાં થયેલી બેઠકમાં અનેક નિર્ણયો લીધા, જેમાં ભારતીય વિમાનો માટે હવાઈ ક્ષેત્ર બંધ કરવાનો પણ સમાવેશ થાય છે. જોકે, ભારત પર તેની કોઈ મોટી અસર પડે તેવું લાગતું નથી.

અગાઉ, પાકિસ્તાન પીપલ્સ પાર્ટી (પીપીપી)ના અધ્યક્ષ બિલાવલ ભુટ્ટો-ઝરદારીએ ધમકી આપી હતી કે જો પાણી બંધ કરવામાં આવશે તો નદીઓમાં લોહી વહેશે. આ ધમકી પહેલગામ આતંકવાદી હુમલા બાદ સિંધુ જળ સંધિ (IWT) ને સ્થગિત કરવાના ભારતના નિર્ણયની પ્રતિક્રિયા હતી. ભૂતપૂર્વ વિદેશ મંત્રીએ શુક્રવારે તેમના ગૃહ પ્રાંત સિંધના સુક્કુર વિસ્તારમાં એક જાહેર રેલીને સંબોધિત કરતી વખતે આપેલા નિવેદનમાં જણાવ્યું હતું કે સિંધુ નદી આપણી છે અને આપણી જ રહેશે - કાં તો આપણું પાણી તેમાં વહેશે અથવા તેમનું લોહી.

આ અંગે ભારતમાંથી તીવ્ર પ્રતિક્રિયા આવી હતી. કેન્દ્રીય વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલે શનિવારે પીપીપી ચેરમેનની ટીકા કરતા કહ્યું કે વિશ્વમાં આવા રાજકારણીઓની હાજરી દુર્ભાગ્યપૂર્ણ છે. ગોયલે વધુમાં કહ્યું કે પાકિસ્તાન એક ભયાવહ દેશ છે જેની પાસે આતંક ફેલાવવા સિવાય કોઈ પ્રાથમિકતા નથી.

# અમદાવાદ ગ્રામ્ય પોલીસ દ્વારા ગેરકાયદેસર રીતે વસવાટ કરતા વિદેશી ઘૂસણખોરોને પકડવા માટે ધોલેરા વિસ્તારમાં કોમ્બિંગ હાથ ધરાયું

**નાગરિકોની સલામતી અને સુરક્ષાના ભાગરૂપે કરવામાં આવેલી કોમ્બિંગમાં અમદાવાદ ગ્રામ્ય પોલીસના તમામ પોલીસ સ્ટેશનના અધિકારીઓ સામેલ થયા**

અમદાવાદ ગ્રામ્ય પોલીસ અધિક્ષક કચેરીના માર્ગદર્શન હેઠળ અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ગેરકાયદેસર રીતે વસવાટ કરતા વિદેશી ઘૂસણખોરોને પકડવા માટે અને તેમની અટકાયત કરવા માટે ધોલેરા પોલીસ સ્ટેશનના વિસ્તારમાં રાત્રિના સમયે કોમ્બિંગનું આયોજન કરવામાં આવ્યું હતું.

અમદાવાદ ગ્રામ્ય પોલીસ દ્વારા પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓની અલગ અલગ ટીમ બનાવીને આ કોમ્બિંગનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, આ કોમ્બિંગમાં કોઈપણ વ્યક્તિની અટકાયત કરવામાં આવી નથી.

નાગરિકોની સલામતી અને સુરક્ષાના ભાગરૂપે કરવામાં આવેલી આ કોમ્બિંગમાં અમદાવાદ ગ્રામ્ય પોલીસના તમામ પોલીસ સ્ટેશનના અને તમામ બ્રાન્ચના અધિકારીઓ હાજર હતા.

પાકિસ્તાને લગાવ્યો ગંભીર આરોપ

# Pokમાં જેલમ નદીના પાણીના પ્રવાહમાં અચાનક વધારો થતાં સ્થિતિ વણસી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પાકિસ્તાન અધિકૃત કાશ્મીર(Pko)માં વહેતી જેલમ નદીના પાણીના સ્તરમાં અચાનક વધારો થવાથી અફરાતફરી ફેલાઈ છે. પાકિસ્તાનનો દાવો છે કે, ભારતે ચેતવણી વિના ઉરી ડેમમાંથી પાણી છોડ્યું છે, જેના કારણે કટોકટી ઊભી થઈ છે. અચાનક પાણી આવવાથી PoKના હટિયાન બાલા જિલ્લામાં પાણીની કટોકટી સર્જાઈ ગઈ છે, જેના કારણે નદી કિનારાના રહેવાસીઓને સુરક્ષિત જગ્યાએ ભાગી જવાની ફરજ પડી છે. પાકિસ્તાની મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ભારતે ઝેલમ નદીમાં અચાનક અને બિનસૂચિત રીતે પાણી છોડ્યું છે, જેના કારણે પાકિસ્તાન-અધિકૃત કાશ્મીર (PoK)ના ચકોઠી નજીક પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. આ ઘટનાથી નદીકાંઠે રહેતા લોકોમાં ભય અને અરાજકતા ફેલાઈ છે. કોહાલા અને ધલકોટના નીચાણવાળા વિસ્તારોમાં મધ્યમ પૂરને કારણે પશુધન અને પાકને નુકસાન થયું છે અને મુઝફ્ફરાબાદમાં એક જિલ્લા અધિકારીએ નિવેદન જારી કરીને નાગરિકોને ઝેલમ નદીની નજીકના સ્થળોથી દૂર રહેવાની સલાહ આપી છે. આ ઘટનાને પહેલગામમાં તાજેતરના આતંકવાદી હુમલાના ભારતના પ્રતિભાવ સાથે જોડી છે, જેના પછી ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ન્યાયની ખાતરી આપી હતી.

આ પહેલા ભારતે પહલગામ આતંકવાદી હુમલાની ઘટનાથી વર્ષ ૧૯૬૦ની સિંધુ જળ સંધિને અનિશ્ચિત સમય માટે સ્થગીત કરવાનો નિર્ણય કર્યો હતો. જેમાં ૨૬ લોકો માર્યા ગયા હતા. જોકે પાકિસ્તાને આ હુમલામાં પોતાની સંડોવણી હોવાનો ઈનકાર કર્યો છે અને ભારતના પાણીના પ્રકાશનને સંધિનું ઉલ્લંઘન ગણાવ્યું છે. પાકિસ્તાને એ પણ કહ્યું કે, આ પહલગામ આતંકવાદી હુમલાની ઉંડાણપુર્વક તપાસ માટે અમે તૈયાર છીએ.

મીડિયા રિપોર્ટ્સ મુજબ, હાલમાં Pokની રાજધાની મુઝફ્ફરાબાદમાંથી પસાર થતી ઝેલમ નદીમાં દર સેકન્ડે ૨૨,૦૦૦ ઘન ફૂટ પાણી વહી રહ્યું છે. આનાથી ગારી દુપટ્ટા, માજોઈ અને મુઝફ્ફરાબાદ જેવા વિસ્તારોમાં રહેતા લોકોમાં ચિંતા વધી ગઈ છે. જોકે, પૂરને કારણે હજુ સુધી કોઈ નુકસાન થયું હોવાના કોઈ અહેવાલ નથી.

દરમિયાન Pok સરકારે ભારત પર ઈરાદાપૂર્વક ‘‘જળ આતંકવાદ’’નો આરોપ મૂકતા કહ્યું કે, ભારતે સિંધુ જળ સંધિ ૧૯૬૦ અંતર્ગત વિશ્વ બેંક દ્વારા વહેંચાયેલ નદીના પાણીને નિયંત્રિત કરવા માટે કરવામાં આવેલ કરાર હતો. આ સંધિમાં બંને દેશોને પાણી છોડવાની માહિતી શેર કરવાની ફરજ પાડવામાં આવી છે, જેથી નદીના પ્રવાહને નુકસાન ન થાય. પરંતુ ભારતે આ સમયે સિંધુ જળ સંધિનું ઉલ્લંઘન કરી કોઈપણ પ્રકારની પૂર્વ સૂચના આપ્યા વિના જ આપલી માત્રામાં પાણી છોડ્યું છે.

જોકે ભારતીય સરકારે આ અંગે હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન જાહેર કર્યું નથી. પરંતુ ભારતીય મીડિયા આઉટલેટ્સના રિપોર્ટમાં દર્શાવાયું છે કે, જમ્મુ અને કાશ્મીરમાં ભારે વરસાદને કારણે પાણી છોડવાની ફરજ પડી છે અને એક નિયમિત ડેમ કામગીરી હતી.

ગરવી ગુજરાતમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

ગરવી ગુજરાત




એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004, Ahmedabad,Gujarat-380 004. (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset,Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002,Ahmedabad,Gujarat-380 002 (3) HARDIK MAHESHBHAI DESAI at Bhoomi Offset,Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad,Gujarat-380 002. and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

### ૨૦૦૦થી પણ વધુ યુવાનોની પ્રાથમિક પસંદગી કરાઈ

# મદદનીશ નિયામક રોજગારની કચેરી, અમદાવાદ દ્વારા 'પાંચ દિવસીય રોજગાર મેળા'નું ભવ્ય આયોજન કરાયું

### સેક્ટર સ્પેસિફિક ભરતી મેળાનું કરાયું આયોજન, ૮૦થી પણ વધુ અગ્રગણ્ય કંપનીઓ દ્વારા રોજગારીની તક પ્રદાન કરાઈ

અમદાવાદ ખાતે મદદનીશ નિયામક રોજગારની કચેરી, અમદાવાદ દ્વારા મોટા પાયે ભરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. રોજગાર કચેરી અમદાવાદ ખાતે તા.૨૧ એપ્રિલથી તા.૨૫ એપ્રિલ સુધી સેક્ટર સ્પેસિફિક ભરતી મેળાનું કરાયું આયોજન કરાયું હતું જેનો લાભ જિલ્લાના મહતમ યુવાનોએ લીધો હતો.

આ ભરતી મેળામાં ૮૩ જેટલી વિવિધ અગ્રગણ્ય કંપનીઓ દ્વારા રોજગારવાંચ્છુ યુવાનો માટે રોજગારીની તક પ્રદાન કરવામાં આવી હતી. પાંચ દિવસીય યોજાયેલ રોજગાર મેળામાં ૨૪૦૦થી વધુ ઉમેદવારોએ ભાગ લીધો હતો જે પૈકી ૨૦૦૦થી પણ વધુ યુવાનોની વિવિધ કંપનીઓ દ્વારા પ્રાથમિક ધોરણે પસંદગી કરવામાં આવી હતી.

તા.૨૧ એપ્રિલના રોજ યોજાયેલ મેન્યુફેકચરિંગ તેમજ ઓટોમોબાઈલ સેક્ટર દ્વારા ભરતી પ્રક્રિયા હાથ ધરાઈ હતી જેમાં ટાટા મોટર્સ, સુઝુકી મોટર્સ, યઝાકી ઈન્ડિયા, લુબી ઈન્ડસ્ટ્રીઝ જેવી વિવિધ ૧૭ કંપનીઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. તા.૨૨ એપ્રિલના રોજ ફાર્માસ્યુટિકલ તેમજ હેલ્થકેર સેકટર દ્વારા ભરતી પ્રક્રિયા હાથ ધરાઈ હતી જેમાં ઝાયડસ લાઈફ સાયન્સ, યુંનીસન ફાર્માસ્યુટિકલ, ઈન્ટાસ ફાર્માસ્યુટિકલ, બ્લુસપ્રિન્ટ ફાર્માસ્યુટિકલ, એપોલો ફાર્મસી જેવી વિવિધ ૯ કંપનીઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

તા.૨૩ એપ્રિલના રોજ બેકિંગ, ફાયનાન્સ તેમજ એકાઉન્ટિંગ સેક્ટર દ્વારા ભરતી પ્રક્રિયા હાથ ધરાઈ હતી જેમાં એક્સિસ બેંક, એચડીએફસી ફાયનાન્સલ સર્વિસ, ઈક્વિટાસ બેંક, એયુ સ્મોલ ફાયનાન્સ બેંક, ઈન્ડ્સઈન્ડ બેંક, સત્ય માઈક્રોકેપિટલ બેંક જેવા ૧૮ જેટલા બેકિંગ અને ફાયનાન્સ સેકટરના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.તા.૨૪ એપ્રિલે માર્કેટિંગ, સેલ્સ & સર્વિસ, જેમ્સ & જ્વેલરી સેક્ટર અને સિક્યુરિટી સર્વિસ દ્વારા ભરતી પ્રક્રિયા હાથ ધરાઈ હતી જેમાં નંદી પંચવટી પ્રા.લિ., પીવીઆર, કટારીયા ગ્રુપ ઓફ કંપની, નેપ્ચુન હાઉસ, યશ ફિલ્ટર પ્રા.લી. જેવા ૨૪ જેટલા વિવિધ કંપનીઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

તા.૨૫ એપ્રિલના રોજ આઈ.ટી. તેમજ ટેક્ષટાઈલ, હોટેલ ૹ રેસ્ટોરન્ટ સેક્ટર દ્વારા ભરતી પ્રક્રિયા હાથ ધરાઈ હતી જેમાં ઈશાન ટેકનોલોજી, અરવિંદ સ્માર્ટ ટેક્ષટાઈલ, જ્યાત્માં ટેકનોલોજી, ઓરબીટેક ઈન્ફોવેબ, દિવ્યા ઈન્ફોકેમ, માસ કોલનેટ જેવા વિવિધ ૧૫ જેટલા એકમોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ભારત પાકિસ્તાન સરહદી તણાવઃ બીએસએફ એ ખેડુતોને ઘઉંની કાપણી માટે બે દિવસનો સમય આપ્યોઃ સરહદો પર એલર્ટ

પ્રતિનિધિ,ગાંધીનગર



પહેલગામ આતંકવાદી હુમલાને લઈને ભારત પાકિસ્તાન સરહદ પર એલર્ટ છે, બીએસએફ એ સરહદ નજીક રહેતા ખેડુતોને બે દિવસમાં ઘઉં લણણી કરવાનો આદેશ આપ્યો છે, પહેલગામ આતંકવાદી હુમલા બાદ ભારત પાકિસ્તાન સરહદ પર વાતાવરણ તણાવપૂર્ણ છે, આ કારણે બીએસએફ એ સરહદને અડીને આવેલા ગામોમાં તકેદારી વધારી દીધી છે. સરહદ ઉપર આવેલા ગામડાઓ માં તણાવ વધી જવા પામ્યો છે અને ડરનો માહોલ જોવા મળ્યો છે. બીએસએફએ ગુરૂદ્વારા સાહીબમાં જાહેરાત કરી છે કે કાંટાળા તાર પાર ના ખેતરોમાં ઉગાડેલા પાકને બે દિવસમાં એકત્રીત કરી લેવા જોઈએ,

કારણ કે પછી તે દરવાજા બંધ કરી શકાય છે, આ પછી કોઈપણ ખેડુતને પાક કાપવા માટે કે અન્ય કોઈ કામ માટે સરહદ પાર કરવાની મંજુરી આપવામાં આવશે નહી, જો કે મોટાભાગના ખેડુતોએ ઘઉંની કાપણી પૂર્ણ કરી દીધી છે અને હવે પરાળમાંથી પરાળ બનાવવાનુ કામ ઝડપી ગતિએ ચાલી રહ્યુ છે કે બીએસએફ એ એવી ચેતવણી આપી છે કે આગામી દિવસોમાં સરહદને અડીન આવેલા ગામડાઓ ખાલી કરાવવામાં આવી શકે છે આ માટે રાજાતાલ, નૌશીહરાધલ્લા, ચહલ, નેસ્તા, મહાવા, ચૌગવાડ, ભીંડી અને શેડા સહિત અનેક ગામડાઓમાં જાહેર કરવામાં આવી છે. ગામ લોકોનુ કહેવુ છે કે ભારત સરકારે પહેલગામમાં પાકિસ્તાની આતંકવાદીઓની બર્બરતાનો યોગ્ય જવાબ આપવો જોઈએ, તેમનુ માનવુ છે કે યુધ્ધ કોઈ ઉકેલ નથી, પરંતુ પાકિસ્તાનના કાર્યો તેને અનિવાર્ય બનાવી રહ્યા છે, ગામ લોકોનુ કહેવુ છે કે વારંવાર થતી અશાંતીમાંથી કાયમી રાહત જરૂરી છ, ભારત પાકિસ્તાન તણાવ વચ્ચે સરહદી વિસ્તારોના ખેડુતોએ સરહદને અડીને આવેલા ખેતરોમાં ઘઉંના પાકની ઉતાવળમાં કાપણી શરૂ કરી છે, બીએસએફની સુચના પર ખેડુતોએ ઝડપથી કાપણી શરૂ કરી દીધી છે. કારણ કે ગામ ખાલી કરવાનો ગમે ત્યારે આદેશ આવી શકે છે, ખેડુતો સંતોષસિંહ અને ગુરૂદેવસિંહે મીડીયાને જણાવ્યુ હતુ કે તેમના ખેતરો સરહદથી થોડે દુર છે, તણાવને ધ્યાનમાં રાખીને તેણે કંબાઈનનો ઉપયોગ કરીને ઘઉંની કાપણી કરાવી છે,

ગ્રામજનો જસવિંદરસિંહના કહેવા પ્રમાણે સરહદ નજીકના તમામ ખેતરોમાંથી ઘઉંની કાપણી થઈ ગઈ છે અન વાડની પેલે પાર ના ખેતરોમાં બીએસએફ દ્વારા પાકની કાપણી કરવામાં આવી રહી છે. ખેડુત સુરેન્દ્રસિંહે કહ્યુ હતુ કે હવે જો ગામ ખાલી કરવાનો આદેશ આપવામાં આવે તો પણ પાકની કોઈ ચિંતા રહેશે નહી. છેલ્લા તણાવ દરમિયાન કામને ઉતાવળે ખાલી કરાવવાને કારણે ઘણા ગ્રામજનોએ પોતાના પાક અને માલસામાન ગુમાવ્યા હતા. આ વખતે ખેડુતોએ પાક લણ્યો છે અને તેને બજારમાં પહોંચાડયો છે, ગામ લોકોની માંગ છે કે વારંવાર સ્થળાંતર ન કરવુ પડે તે માટે કાયમ માટે લડાઈ લડવી જોઈએ.

# રાજયની પ્રાથમિક શાળાઓની વાર્ષિક પરીક્ષાઓ પુર્ણ થતા ટુંક સમયમાં પરીણામ જાહેર થશે

પ્રતિનિધિ,ગાંધીનગર

શિક્ષણબોર્ડના એકેડેમીક કેલેન્ડર અને જીસીઈઆરટી ના શૈક્ષણિક આયોજન મુજબ ૪ એપ્રિલ થી રાજયની તમામ શાળાઓમાં વાર્ષિક પરીક્ષાનો પ્રારંભ થયો હતો. ધો. ૩ થી ૫ ની પરીક્ષા ૧૫ એપ્રિલના રોજ પુર્ણ થઈ હતી અને ધો. ૬ થી ૮ ની પરીક્ષા બીજા તબકકામાં શરૂ થયા બાદ શુક્રવારના રોજ પૂર્ણ થઈ છે. આમ ધો. ૩ થી ૮ ની તમામ પરીક્ષાઓ પુર્ણ થયા બાદ હવે પરીણામ તૈયાર કરવાની કાર્યવાહી હાથ પર લેવામાં આવી છે.

તો બીજી તરફ ખાનગી પ્રાથમિક શાળાઓએ વહેલી પરીક્ષા યોજી દીધી હોવાથી હાલમાં પરીણામ આપવામાં આવી રહ્યા છે. મોટાભાગની શાળાઓમાં શરૂ અઠવાડીયામાં જ પરીણામ જાહેર કરી દેવામાં આવ્યા છે. રાજયમાં આવેલી તમામ પ્રાથમિક શાળાઓમાં ૪ અપ્રિલ થી વાર્ષિક પરીક્ષાઓ શરૂ થઈ હતી. જેમાં પ્રથમ તબકકામાં ધો. ૩ થી ૫ ની પરીક્ષા લેવામાં આવી હતી. આ પરીક્ષા ૧૫ એપ્રિલના રોજ પૂર્ણ થઈ હતી અને ત્યારબાદ ૧૬ એપ્રિલ થી ધો. ૬ થી ૮ ની પરીક્ષાનો તબકકો શરૂ થયો હતો. બીજા તબકકાની પરીક્ષામાં શુક્રવારે છેલ્લુ પેપર લેવામાં આવ્યુ હતું. આમ શુક્રવારે ધો. ૬ થી ૮ ની બીજા તબકકાની પરીક્ષા સાથે પ્રાથમિક વિભાગની તમામ પરીક્ષાઓ સત્તાવાર રીતે પૂર્ણ થઈ ચુકી છે. પ્રાથમિક વિભાગમાં પરીક્ષા પુર્ણ થતા ની સાથે જ ઉત્તરવહી મુલ્યાંકનની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. જેમાં ધો. ૩ થી ૫ માં ઉત્તરવહી મુલ્યાંકનની કામગીરી પુર્ણ થઈ ચુકી છે. જયારે ધો. ૬ થી ૮ ની ઉત્તરવહી મુલ્યાંકનની કામગીરી આગામી દિવસોમાં પુર્ણ થઈ જશે. રાજયની શાળાઓમાં ૫ મે થી ઉનાળુ વેકેશનનો સત્તાવાર પ્રારંભ થઈ રહ્યો છે જેથી તે પહેલા તમામ પરીણામ જાહેર કરી દેવાનુ આયોજન કરાયુ છે. જેથી એપ્રિલના અંત સુધીમાં ઉત્તરવહી મુલ્યાંકનની કામગીરી પુર્ણ




થયા બાદ મે ના પ્રથમ અઠવાડીયામાં પરીણામ જાહેર કરી દેવાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે રાજયની તમામ પ્રાથમિક શાળાઓમાં સમાન સમયપત્રકના આધારે પરીક્ષાનુ આયોજન કરવા માટે સુચના આપવામાં આવી હોવા છતાં મોટાભાગની ખાનગી શાળાઓએ વહેલી પરીક્ષા શરૂ કરી દીધી હતી જેના પગલે ખાનગી પ્રાથમિક શાળાઓમાં વહેલા પરીક્ષાઓ પુર્ણ થતા પરીણામ પર વહેલા જાહેર કરી દેવામાં આવ્યા છે. હાલમાં મોટાભાગની ખાનગી શાળાઓ દ્વારા અઠવાડીયામાં પરીણામ જાહેર કરી દીધા છે જયારે બાકી રહેલી શાળાઓ પણ આગામી અઠવાડીયામાં પરીણામ જાહેર કરી દેશે.

# અમરેલીના ચકચારી પાયલ ગોટી કેસમાં ડીએસપીને માનવ અધિકારપંચની નોટીસ : એક મહિનામાં એકશન ટેકન રીપોર્ટ રજુ કરવા આદેશ

પ્રતિનિધિ,ગાંધીનગર



અમરેલીના બહુ ચર્ચિત લેટરકાંડ કેસમાં પાટીદાર યુવતિ પાયલ ગોટી સામે કાર્યવાહી થઈ હતી, ત્યારે હવે પાયલ ગોટી ને ન્યાય અપાવવા માટે રાજકીય અને સામાજિક આગેવાનો મેદાને ઉતર્યા હતા. સમગ્ર ઘટનાને લઈને અમરેલી લેટરકાંડ મુદ્દે રાષ્ટ્રીય માનવ અધિકાર પંચ હરકતમાં આવ્યુ છે જેમાં પંચે અમરેલી પાયલ ગોટી કેસ મામલે અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષકને નોટીસ આપી છે અને ૪ અઠવાડીયામાં આ મુદ્દે એકશન ટેકન રીપોર્ટ મંગાવવામાં આવ્યો છે.

અમદાવાદના માનવ અધિકાર કાર્યકર્તા કાંતીલાલ પરમાર દ્વારા અમરેલી ખાતે પાયલ ગોટીના કેસ ની ઘટનામાં રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગને ફરીયાદ કરવામાં આવી હતી જેને લઈને અમરેલીના ડીએસપીને આયોગ દ્વારા નોટીસ ફટકારીને ૪ અઠવાડીયામાં એકશન ટેકન રીપોર્ટ રજુ કરવા નિર્દેશ કર્યો છે. અમરેલી તાલુકા પંચાયત પ્રમુખ કિશોર કાનપરીયાના નામવાળો નકલી લેટરપેડ સોશીયલ મીડીયામાં વાયરલ થયો હતો આ મામલે કાનપરીયાએ પોલીસમાં ફરીયાદ કરી હતી અને કેન્દ્રીય મંત્રી સીઆર પાટીલને પત્ર લખીને ઘટના અંગે જાણકારી આપી હતી. નકલી લેટરપેડ માં ધારાસભ્ય કૌશિક વેકરીયા પર ગંભીર આરોપો મુકાયા હોવાથી વેકરીયાના સમર્થકો ગાંધીનગર સુધી પહોચ્યા હતા. સમગ્ર મામલો જિલ્લા પોલીસવડા સુધી પહોચતા એલસીબી, સાયબર ક્રાઈમ સહિતની પોલીસની ટીમો દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી જેમાં પોલીસ દ્વારા ધારાસભ્ય ને બદનામ કરવાનુ કાવતરૂ ઘડનારા કેસ માં ભાજપના પૂર્વ હોદ્દેદાર અને પાટીદાર દિકરી સહિત ૪ ની ધરપકડ કરી હતી જો કે ધરપકડ કરાયેલી પાટીદાર યુવતિને ૩ જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ જામીન મળ્યા હતા અને જેલમુકત થઈ હતી.

### જમીન વિવાદ હિંસક બન્યો હોવાની ઘટના સામે આવી

# બાવલું ગામે જમીનનો કબજો લેવા આવેલા જમીન માલિક પર જીવલેણ હૂમલો

(સંપૂર્ણ સમાચાર સેવા)મહેસાણા

મહેસાણામાં જમીન વિવાદ હિંસક બન્યો હોવાની ઘટના સામે આવી છે. બાવલુ ગામમાં જમીન માલિક પર ૧૦થી વધુ લોકોએ હૂમલો કર્યો હતો. જમીન માલિક કોર્ટ અધિકારી સાથે સ્થળ મુલાકાતે ગયા હતાં. આ દરમિયાન ૧૦થી વધુ લોકોએ ત્યાં આવીને માથાકૂટ શરૂ કરી હતી. તેમણે જમીન માલિક મનન પટેલ અને કોર્ટના અધિકારીઓ પર હૂમલો કર્યો હતો. પોલીસે હૂમલો કરનાર શખ્સો સામે તપાસ શરૂ કરી છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે મહેસાણા જિલ્લાના બાવલુ ગામમાં પોતાની જમીનો કબજો લેવા માટે કોર્ટના અધિકારીઓ સાથે પહોંચેલા અમદાવાદના જમીન માલિક મનન પટેલ પર ૧૦થી વધુ લોકોએ જીવલેણ હુમલો કર્યો હતો. આ હુમલાની જાણ થતાં જ આસપાસના વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી. આ હુમલામાં ત્રણ લોકોને ઈજાઓ પહોંચી હતી. પોલીસે હુમલો કરનારા અજાણ્યા શખ્સો સામે તપાસ શરૂ કરી દીધી છે. મનન પટેલ કાયદા પ્રમાણે કોર્ટના અધિકારીઓ સાથે જમીનનો કબજો લેવા માટે પહોંચ્યા હતાં. આ દરમિયાન કેટલાક અજાણ્યા લોકોએ તેમની ઉપર હુમલો કર્યો હતો. આ દરમિયાન કોર્ટના અધિકારીઓ પણ તેમની સાથે હોવાથી અજાણ્યા શખ્સોએ અધિકારીઓને પણ માર માર્યો હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે લાકડી અને હથિયારો સાથે આવેલા અજાણ્યા શખ્સોની તપાસ હાથ ધરી છે. તેમની સામે હત્યાના પ્રયાસ સહીતની ફરિયાદ નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

### ગોંડલમાં આરપારની લડાઈ

# અલ્પેશ કથીરિયાની ગોંડલમાં એન્ટ્રી થતા થયો વિરોધ, ગાડીના કાચ તોડાયા

### રાજકારણ...કથીરિયાના વિરોધમાં રિબડામાં પાટીદાર યુવાનો કાળ વાવટા અને પોસ્ટરો સાથે આવ્યા બહાર

(સંપૂર્ણ સમાચાર સેવા)ગોંડલ

રાજકોટના ગોંડલમાં ગણેશ અને અલ્પેશ કથીરિયા વચ્ચે આરપારની લડાઈ જોવા મળી છે. ગોંડલ પહોંચેલા કથીરિયા, માલવિયાનો કાળા વાવટા અને સુત્રોચ્ચારથી વિરોધ કરાયો. અલ્પેશે કહ્યું, ગાડીમાં તોડફોડનો પ્રયાસ કરાયો. ગોંડલ મિર્ઝાપુર છે તે આજે થયું સાબિત.

સૌરાષ્ટ્રના ગોંડલમાં આજે રાજકારણ ગરમાયું છે. ગણેશ ગોંડલની પડકાર ઝીલીને અલ્પેશ કથીરિયા ગોંડલ પહોંચ્યા હતા, જ્યાં કાળા વાવટા ફરકાવીને અલ્પેશ કથીરિયાનો વિરોધ કરવામાં આવ્યો હતો. કથીરિયા સાથે ધાર્મિક માલવિયા પણ આવી પહોંચ્યા હતા. અલ્પેશ કથીરિયાની ગાડીને નુકસાન કરવાનો પણ પ્રયાસ કરવામાં આવ્યો હતો. કથીરિયાની ગાડીના કાચ તોડવામાં આવ્યા હતા.

એક તરફ અલ્પેશ કથીરિયાની વિરોધમાં ગોંડલભરમા પોસ્ટર લગાડવામાં આવ્યા હતા. તો બીજી તરફ, ગોંડલ આશાપુરા ચોકડી ખાતે અલ્પેશ કથીરિયાને આવકારવા માટે તેના સમર્થકો પહોંચ્યા. અલ્પેશ કથીરિયાના સમર્થકો આવકારવા માટે પહોંચ્યા. એક તરફ ગણેશ જાડેજાના સમર્થકો, તો બીજી તરફ અલ્પેશ કથિરિયાના સમર્થકોથી ગોંડલમાં માહોલ ગરમાયો હતો. અલ્પેશ કથીરીયાના સમર્થકો જય શ્રી રામના ઝંડીઓ સાથે પહોંચ્યા હતા. ગણેશ ગોંડલના સમર્થકોએ કાળા વાવટા ફરકાવી વિરોધ કર્યો હતો.

ગોંડલમાં પ્રવેશતા અલ્પેશ કથીરિયાએ નિવેદન આપતા જણાવ્યું કે, માર માર્યો છે, પાછળથી ગાડીના કાચ તોડે છે. મજબૂતાઈથઈ સ્વાગત છે. ગોંડલ ખરેખર મિરઝાપુર છે તે સાબિત થાય છે. હું તો હજુ કહું છે કે મારો. ગાડીને તોડે, લોકોને મારે એ તો મિરઝાપુર છે એ સાબિત થઈ રહ્યું છે. રાજકારણ કોનું ચાલશે એ ૨૦૨૭ માં નક્કી થશે. હાલ રાજકારણનો સમય નથી. રાજકારણને બૌખલાહત છે, લોકોમાં ભયનો માહોલ છે, પરંતુ આજે એ જ લોકોમાં ભયનો માહોલ જોઈ ખુશી થાય છે. કોઈ પણ વ્યક્તિએ નાના કે મધ્યમવર્ગીય વ્યક્તિને દબાવીને પોતાનું શાસન ન કરવું જોઈએ. આ અમે નહિ ચલાવી લઈશુ. અમારી ગાડી પર હુમલા થયા છે તે લાઈવ બતાવે છે.

અલ્પેશ કથીરિયા જ્યા જ્યાંથી પસાર થઈ રહ્યાં છે, ત્યાં ત્યાં ગણેશ ગોંડલના સમર્થકો દ્વારા વિરોધ થઈ રહ્યો છે. અલ્પેશ કથીરિયા સમર્થકોની કારની ગાડીઓના કાચ તોડવામાં આવ્યા છે. સમર્થકોએ પણ કહ્યું કે, આ ગોંડલ નથી મિરઝાપુર છે. વિરોધ વચ્ચે કથીરિયા, ધાર્મિક માલવિયા અને જિગીશા પટેલે પોતાની ટીમ સાથે સ્વામીનારાયણ મંદિરે દર્શન કર્યા હતા. તો બીજી તરફ, જયરાજસિંહ જાડેજાના ઘરની બહાર પણ ચુસ્ત પોલીસ બંદોબસ્ત ખડકી દેવાયો છે.

### ગોંડલના રાજકારણમાં જોરદાર ગરમાવો આવ્યો છે

# જે અહી રહેતા નથી તે વિરોધ કરવા આવી જાય છે - જયરાજસિંહ જાડેજા

### જયરાજસિંહ જાડેજાએ કથીરિયાને ફેંક્યો પડકાર : ચૂંટણીમાં અણવર નહિ, વરરાજા બનીને લડવા આવજો

(સંપૂર્ણ સમાચાર સેવા)ગોંડલ,

ગોંડલના રાજકારણમાં જોરદાર ગરમાવો આવ્યો છે. આવામાં પાટીદાર વર્સિસ ક્ષત્રિયાના વિવાદ પર પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજાએ ઝંપલાવ્યું છે. તેમણે કહ્યું કે, ગોંડલને ખોટી રીતે બદનામ કરવામાં આવી રહ્યું છે. જયરાજસિંહ જાડેજાએ જણાવ્યું કે, ગોંડલને ખોટી રીતે બદનામ કરવામાં આવી રહ્યું છે. ગોંડલમાં અઢારે વરણ અમારા પરિવાર સાથે છે. લોક રોષ જોઈને ગોંડલ છોડીને જતું રહેવું પડ્યું છે. અમને આજે જનતાનો વિશ્વાસ મળ્યો છે. ૫૦૦ કિલોમીટર દૂર રહિને ગોંડલ ભયમાં હોવાનો આક્ષેપ કરે છે. ગણેશ ગોંડલ અમે નામ નથી આપ્યું ગોંડલની જનતાએ નામ આપ્યું છે. આ સાથે જ જયરાજસિંહ જાડેજાએ પડકાર ફેંક્યો કે, અણવર બનીને નહિ વરરાજા બનીને આવજો. આગામી દિવસોમાં નગરપાલિકા, માર્કેટીંગ યાર્ડ, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની ચૂંટણી આવી રહી છે. જે લોકો અહીં રહેતા નથી તેઓ અહીં વિરોધ કરવા આવી જાય છે.જયરાજસિંહ જાડેજાએ કોંગ્રેસ પર મોટો આક્ષેપ લગાવ્યો છે. તેમણે કહ્યું કે, કોંગ્રેસ પ્રેરીત ષડયંત્ર છે. લેઉવા પટેલ અમારી સાથે છે. ગોંડલની જનતાએ જવાબ આપી દીધો છે. ગોંડલની જનતા ગણેશને પોતાનો દીકરો માને છે. પાસના નાપાસ થયેલા લોકો આવ્યા હતા. હું ભાજપ હાઈકમાન્ડને આ બાબતે ફરિયાદ કરીશ. પાલિકા અને જિલ્લા-તાલુકા પંચાયતની ચૂંટણી આવવાની છે. ૧૦ મહિનામાં ગોંડલમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી છે. તેથી ચૂંટણીમાં અણવર નહીં વરરાજા બનીને ચૂંટણી લડવા આવો. જાતિવાદ ફેલાવવાનો પ્રયાસ કરાઈ રહ્યો છે. અલ્પેશ કથીરિયાના ગોંડલમાં હાજરીને લઈને ભારે બબાલ વચ્ચે જયરાજસિંહના નિવાસે નેતા એકત્ર થયા હતા. ગીતાબા જાડેજા અને ગણેશ જાડેજાના બંગલાની બહાર લોકોએ અલ્પેશ કથીરિયા વિરુદ્ધ ભારે સૂત્રોચાર કર્યા હતા. ગોંડલના ભાજપ અગ્રણીઓ જયરાજસિંહના નિવાસે ભેગા થયા હતા. તો બીજી તરફ, અલ્પેશ કથીરિયાને ગણેશ ગોંડલે જવાબ આપ્યો કે, ડર કે બંદૂકની અણીએ આટલા લોકો ભેગા ન થાય. ગોંડલમાં કોઈ ડરનો માહોલ નથી, મારા ઘરની બહાર ૩૦૦૦ લોકોનો મેળાવડો થયો છે. ગોંડલમા કોઈ ડરનો માહોલ નથી.

### જન્મદિવસે પણ આઈફોનની માંગણી કરી હતી

# તું કાળી છે-તું નીચી છે, અપશુકનિયાળ છે," દહેજના ભુખ્યા સાસરિયાનો પરિણીતાને ત્રાસ

### દહેજ પેટે લાખો રૂપિયા આપ્યા બાદ પણ મહિલાને નાની-નાની બાબતોમાં હેરાન પરેશાન કરતા મહિલાએ પોલીસ ફરિયાદ નોંધાવી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

દહેજના ભૂખ્યા દાનવોએ દહેજની લાલચમાં પરિણીતાને શારીરિક અને માનસિક ત્રાસ આપ્યો છે. લગ્ન પહેલા જ પતિએ દહેજ પેટે રૂપિયા ૫૫ લાખની માંગણી કરી હતી. જ્યારે જન્મદિવસે પણ આઈફોનની માંગણી કરી હતી. દહેજ પેટે લાખો રૂપિયા આપ્યા બાદ પણ મહિલાને નાની નાની બાબતોમાં હેરાન પરેશાન કરતા મહિલાએ પોલીસ ફરિયાદ નોંધાવી છે.શહેરના ચાંદલોડિયા વિસ્તારમાં રહેતી પરિણીતાએ મહિલા પશ્ચિમ પોલીસ સ્ટેશનમાં પતિ અને સાસરિયા વિરુદ્ધમાં પોલીસ ફરિયાદ દાખલ કરાવી છે. મહિલાના લગ્ન વર્ષ ૨૦૨૩માં ઉત્તરપ્રદેશના એક યુવક સાથે થયા હતા. લગ્ન પહેલા ફેબ્રુઆરી મહિનામાં મહિલાના પતિએ નવી ગાડી અને અન્ય ચીજ વસ્તુ ખરીદવા માટે દહેજ પેટે રૂપિયા ૫૫ લાખની માંગણી કરી હતી. જેથી મહિલાના પિતાએ અમુક રકમ રોકડ અને બેંક મારફતે આપી હતી. બાદમાં સગાઈ કરી ત્યારે પણ તેના પિતાએ રૂપિયા ૫ લાખનો વ્યવહાર કર્યો હતો. લગ્નના દસેક દિવસ બાદ મહિલાના સસરાને કેન્સરની બીમારીની સારવાર માટે અમદાવાદ લાવવામાં આવ્યા હતા. જ્યાં તેની નણંદ મહિલાને ઘરકામ બાબતે હેરાન પરેશાન કરતી હતી. સસરાના મૃત્યુ સમયે પણ સારવારનો ખર્ચો વધારે થતાં મહિલાના પિતાએ તેના પતિને એક લાખ રૂપિયા આપ્યા હતા. છતાં તેના સાસુ "તું કાળી છે, તું નીચી છે, અપશુકનિયાળ છે. તારા આવવાથી મારા પતિ મરણ ગયેલ છે." તેમ કહીને માનસિક ત્રાસ આપતા હતા.સાસરિયાના ત્રાસથી મહિલા તેના પિયરમાં આવી ગઈ હતી. જોકે તેના સાસરિયા સમાધાન કરીને તેને પરત સાસરીમાં લઈ ગયા હતા. મહિલા ફોનમાં તેના માતા પિતા સાથે વાતચીત કરે તો તેનો પતિ ઉશ્કેરાઈ જઈને ફોન લઈ મહિલાને ઘરની બહાર કાઢી મૂકતો હતો. ઘરના સભ્યોની સામે જ સ્પીકર પર ફોનમાં વાત કરવા માટે મજબૂર કરતો. એટલું જ નહીં વારંવાર છૂટાછેડા આપી દેવા માટે પણ ધાકધમકી આપતો હતો. જ્યારે જન્મદિવસ નિમિત્તે તેના પતિએ આઈફોનની માંગણી કરતા મહિલાના માતા પિતાએ આઈફોન ગિફ્ટ કર્યો હતો. મહિલા અને તેનો પતિ ગાડીમાં જેતપુર જઈ રહ્યા હતા ત્યારે રસ્તામાં કોઈ બાબતને લઈને ઝઘડો થતાં તેના પતિએ ટ્રેક્ટર સાથે ગાડી અથડાવી દીધી હતી. જેમાં મહિલાને ઈજા પહોંચી હતી. જે બાબતની જાણ મહિલાએ તેના પતિને કરતા તેને સાસરીમાંથી પિયરમાં લઈ ગયા હતા. અનેક પ્રયત્ન બાદ સાસરિયાએ સમાધાન ન કરતા અંતે મહિલાએ આ બાબતની જાણ પોલીસને કરી હતી. પોલીસે સમગ્ર મામલે ફરિયાદ નોંધીને વધુ તપાસ શરૂ કરી છે.

# બાવળા તાલુકાના દેવડથલ ગામમાં અનુસૂચિત જનજાતિના લોકો માટે સેનિટેશનને લગતી તાલીમ યોજાઈ

### તાલીમમાં અનુસૂચિત જનજાતિના લોકોમાં સેનિટેશનના અભાવના કારણે થતી બીમારીઓ અને તેને અટકાવવાના ઉપાયો વિશેની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી

અમદાવાદ જિલ્લાના બાવળા તાલુકાના દેવડથલ ગામમાં આવેલા નવાપુરા ખાતે ટાટા મોટર્સ પ્લાન્ટ, સાણંદ અને ધરતી ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી ચાલતા **IVDP** (ઈન્ટિગ્રેટેડ વિલેજ ડેવલપમેન્ટ પ્રોગ્રામ) પ્રોજેક્ટ હેઠળ અનુસૂચિત જનજાતિના લોકો માટે સેનિટેશન અને સ્વચ્છતાને લગતી તાલીમ યોજાઈ હતી.

દેવડથલ નવાપુરા ગામમાં વસવાટ કરતા અનુસૂચિત જનજાતિના લોકોમાં સ્વચ્છતા અને સેનિટેશનના અભાવના કારણે થતી બીમારીઓ જેવીકે, કોલેરા, કમળો, ટાઈફોઈડ, વાળો, ઝાડા, કરમિયા જેવા રોગોના લક્ષણો, તેની ઓળખ, તેનો ફેલાવો વગેરે વિશે ગ્રામજનોને માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત, આ બીમારીઓ અટકાવવાના ઉપાયો વિશેની વિસ્તૃત ચર્ચા પણ કરવામાં આવી હતી.

દેવડથલ નવાપુરા ગામના દરેક ઘરમાં શૌચાલય અને બાથરૂમ બનાવીને સ્વચ્છતા અને સેનિટેશન સાથે આરોગ્ય અને પોષણ જાળવી રાખવાના ઉપાયો અને ફાયદાઓ વિશે જણાવીને તાલીમમાં ઉપસ્થિત લોકોને સેનિટેશન જાળવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

આ તાલીમમાં શ્રમજીવી આરોગ્ય સેવા સહકારી મંડળી લી., અમદાવાદના પ્રમુખ શ્રી કાશીરામભાઈ વાઘેલા અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબી, હળવદ, જામનગરને પાણી પુરૂ પાડતો બ્રહ્માણી-૨ ડેમનુ તળીયું દેખાયું

પ્રતિનિધિ,ગાંધીનગર



મોરબી જીલ્લાના હળવદ નો જીવાદોરી સમાન બ્રહ્માણી-૨ ડેમ ઉનાળાની કાળઝાળ ગરમીમાં ખાલી થવાને આરે છે. જેથી મોરબી, જામનગર અને હળવદની જનતાને ધોમધકતા ઉનાળામાં પાણી માટે ટળવળવુ પડે તેવી શકયતાઓ છે. હળવદના બ્રહ્માણી-૨ ડેમમાં ફકત ૭ દિવસ ચાલે તેટલુ જ પાણી છે. ઉનાળાની કાળઝાળ ગરમીમાં આકાશમાંથી ગરમી અગનગોળા બનીને વરસી રહી છે. ત્યારે મોરબીના હળવદમાં આવેલો બ્રહ્માણી-૨ ડેમ ખાલી થઈ ચુકયો છે. હવે ડેમમાં પાણી તળીયાઝાટક થતાં ટુંક સમયમાં જનતાને પાણી માટે વલખાં મારવા પડે તેવી નોબત આવી શકે છે. જેથી આગામી સમયમાં લોકોને પીવાનુ પાણી પુરતુ મળી રહે તે માટે પાલીકા તંત્ર અને આગેવાનોએ ઉચ્ચ કક્ષાએ રજુઆત કરી છે. નગરપાલિકા તંત્ર અને સ્થાનિક આગેવાનોએ રજુઆત ધ્યાને લઈ નર્મદા કેનાલનુ પાણી ચાલુ કરાવ્યુ, નર્મદા કેનાલથી બ્રહ્માણી-૨ ડેમમાં પાણી ભરવાની વ્યવસ્થા કરવામાં આવી છે. લોકોને પુરતુ પાણી મળી રહે તેવા પ્રયાસો સ્થાનિક તંત્ર દ્વારા હાથ ધર્યા છે.

# શાળાઓમાં ઉનાળાનુ વેકેશન જાહેર થતાં સુરત રેલ્વે સ્ટેશન પર લોકોની પડાપડી : રેલ્વે ના અણધડ આયોજનથી મુસાફરો હેરાન પરેશાન

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ




શાળામાં પરીક્ષાઓ પુરી થઈ જતા લોકો ઉનાળુ વેકેશન માણવા નિકળી પડયા છે. સુરતમાં ઉત્તર પ્રદેશ જતી અંત્યોદય ટ્રેનની સ્થિતિ જોઈ રેલ્વે તંત્રના અણઘડ આયોજનથી મુસાફરો હેરાન પરેશાન થઈ ગયા હતા. લોકો ટીકીટ માટે પડાપડી કરતા જોવા મળ્યા હતા. લોકો ટીકીટ કાઉન્ટર પર પહોંચે તે પહેલા જ ટીકીટો ખલાસ થઈ જતી હતી. યોગ્ય સંચાલનના અભાવે લોકો કલાકોથી ટીકીટ માટે લાઈનમાં ઉભા જોવા મળ્યા હતા.

ઉનાળુ વેકેશનમાં પોતાના માદરે વતન જવા માટે ટ્રેનો ન મળવાને કારણે યુપી બિહાર સહિત અન્ય રાજયોના રોજગાર માટે સુરત આવેલા લોકોને ઘેટા બકરાની માફક મુસાફરી કરવી પડી રહી છે. લોકોને ટીકીટ ખરીદવા માટે ૧૨-૧૨ કલાક સુધી લાઈનોમાં ઉભા રહેવાની ફરજ પડે છે.

દોઢ કિ.મી. થી વધુ કતારમાં રાહ જોયા બાદ જયારે મુસાફરો ટીકીટ કાઉન્ટર પર પહોંચે ત્યારે તેમને ખબર પડે કે કાઉન્ટર બંધ છે. કેટલાક મુસાફરો ટ્રેનને રવાના થતી અટકાવવા માટે પોતાના સામાન માથા પર રાખીને દોડીને પોતાનો જીવ જોખમમાં મુકતા જોવા મળ્યા હતા. સુરત રેલ્વે સ્ટેશને કોઈ મેનેજમેન્ટ નથી, પોલીસ તેમને માર મારી રહી છે. જો ટીકીટ માટે કલાકો સુધી કતારો લાગે તો ટ્રેનનો શુ હાલત થશે, બાળકો અને વૃધ્ધો સહિત લોકો પરેશાન થઈ રહ્યા છે આ ઉપરાંત રેલ્વે તંત્રમાં આયોજનના અભાવથી મુસાફર મહિલા રાધિકાબેને મીડીયાને જણાવ્યુ હતુ કે તેમની માતાની તબિયત સારી નથી મારે ગામ જવુ છે, પણ મને ટીકીટ મળી રહી નથી, હું સવારે ૫ વાગ્યા થી આવી છું, પણ ટીકીટ માટે લાંબી લાઈન હતી હું પણ ટીકીટ કાઉન્ટર પર પહોચી પણ તેમણે કહ્યુ કે અત્યારે કોઈ ટીકીટ ઉપલબ્ધ નથી. મે કહ્યુ મારી માતાની તબિયત સારી નથી મને ટીકીટ આપો, પણ છતાં તેમણે મને ટીકીટ આપી ન હતી. વહિવટી તંત્ર સામે ગુસ્સો વ્યકત કરતા મુસાફરોએ કહ્યુ હતુ કે છેલ્લા ૪ કલાક થી ટીકીટ માટ લાંબી લાઈન લાગી છે કોઈ વ્યવસ્થા નથી, કોઈ સુવિધા નથી, વહિવટ કંઈ કરી રહ્યો નથી. અત્યારે ફકત આ ટીકીટ માટે જ લાંબી લાઈન લાગી છે. ટ્રેન માટે કેટલીક લાઈન લાંબી હશે તે કહી શકાય નહી, કોઈ સ્ટેશન માસ્ટર નથી. કોઈ વ્યકિત નથી, પોલીસ લોકોને લાકડીઓથી માર મારી રહી છે. આ લાંબી લાઈન દોઢ કિ.મી. લાંબી હશે. જો તમને ટીકીટ મળશે તો તમારે પ્લેટફોર્મ પર જવુ પડશે અને ટ્રેનમાં ચઢવા માટે અલગ લાઈન હશે હું પોતે બે કલાક થી ત્યાં ઉભી છું, આ અંગે પશ્ચિમ રેલ્વે ના એક અધિકારીએ જણાવ્યુ હતુ કે પ્લેટફોર્મ પર ભારે ભીડને કારણે લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડે તે માટે હાલમાં ત્યાં ભીડ વ્યવસ્થાપન (મેનેજમેન્ટ) કરવામાં આવી રહ્યુ છે. વધારાની ટ્રેનો પણ દોડાવવામાં આવી રહી છે અને લોકોને આ અંગે માહિતી આપવા માટે જાહેરાતો પણ આપવામાં આવી રહી છે. ભીડ વ્યવસ્થાપનને કારણે લોકોને લાગે છે કે લાંબી કતાર છે પરંતુ ભીડ એકઠી ન થાય તે માટે લોકોને લાંબી લાઈનમાં ઉભા રાખવા પડે છે.

# ગુજરાત પોલીસને થઈ ભુલ : બિહારીઓને બાંગ્લાદેશી સમજી ઝડપી લેતા આરજેડીના નેતાએ કર્યો ખુલાસો

પ્રતિનિધિ,ગાંધીનગર



પહેલગામ આતંકી હુમલા બાદ ગુજરાત પોલીસે સર્જીકલ સ્ટ્રાઈક કરીને ૧ હજાર જેટલા ગેરકાયદેસર બાંગ્લાદેશીઓને પકડી પાડયા છે પરંતુ આ વચ્ચે ગુજરાત પોલીસે કેટલાક બિહારીઓને બાંગ્લાદેશી સમજીને ઝડપી લીધા હતા. આરજેડી ના મહિલા વિંગ ના પ્રદેશ પ્રમુખે ટવીટ કરતા પોલીસે તાત્કાલીક ચારેય યુવાનોની તપાસ કર્યા બાદ ચારેયને મુકત કર્યા હતા.

ગુજરાતમાં ગેરકાયદેસર રહેતા બાંગ્લાદેશીઓ પર પોલીસે તવાઈ બોલાવી છે, અમદાવાદ અને સુરતમાં પોલીસની કડક કાર્યવાહી હાથ ધરાઈ છે. ગુજરાતની ધરતી પર રહેતા બાંગ્લાદેશીઓને પણ શોધવામાં આવી રહ્યા છે. ગુજરાતમાં રહેતા કુલ ૧ હજાર બાંગ્લાદેશીઓની અટકાયત કરવામાં આવી છે. અમદાવાદમાં ૯૮૦ અને સુરતમાં ૧૩૪ બાંગ્લાદેશીઓને ગઈ કાલે મોડી રાત્રે તેમના મકાનોમાંથી ઝડપી લેવામાં આવ્યા હતા. મોહંમદ રબ્બાની, મોહંમદ નેક મોહંમદ, મોહંમદ મુબારક, મોહંમદ આઝમ નામ આપ્યા છે, આ તમામ યુવાનોને અમદાવાદ થી પકડી લેવામાં આવ્યા છે, ગુજરાત પોલીસ દ્વારા શંકાસ્પદ બાંગ્લાદેશીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે તો બીજી તરફ હવે રાજકારણ પણ ગરમાયુ છે. ગુજરાતથી હજારો કિલોમીટર દુર થી ગુજરાત પોલીસની આ કાર્યવાહી સામે સવાલો ઉભા કરવામાં આવ્યા છે. ગુજરાતમાં આજે લગભગ ૫૦૦ લોકોને ઘુષણખોરો કહીને અટકાયત કરવામાં આવ્યા છે.

આ અંગે મીડીયામાં વિવિધ પ્રકારના સમાચારો ચાલી રહ્યા છે. કેટલાક તેમને બાંગ્લાદેશી કહી રહ્યા છે. જયારે કેટલાક તેમને ગેરકાયદેસર ઈમીગ્રેટ્સ કહી રહ્યા છે, પરંતુ કમનસીબે આ કાર્યવાહીમાં મારા મતવિસ્તારના પરીહાર વિધાનસભા મત વિસ્તારની બાયા પંચાયતના કેટલાક યુવાનો પણ ઝડપાયા છે જેઓ પોતાના પરીવાર માટે રોજીરોટી કમાવવા ગુજરાત ગયા હતા. તેઓને બાંગ્લાદેશી ગણાવીને કસ્ટડીમાં પણ લેવામાં આવ્યા છે. બાયા પંચાયતના સરપંચે આ યુવકોની ઓળખ કરતી વખતે પોતાના અધિકૃત પત્ર દ્વારા સ્પષ્ટ કર્યુ છે કે આ તમામ લોકો ભારતના નાગરીક છે અને બિહાર રાજયના રહેવાસી છે. આ ગંભીર પરીસ્થિતિને જોતા હું બિહાર સરકારને વિનંતી કરૂ છું કે તે તાત્કાલીક પગલા લે અને ગુજરાત સરકારનો સંપર્ક કરે, અને બિહારના કોઈ નિર્દોષ યુવકને હેરાન ન થાય તેની ખાત્રી કરે, આ યુવાનોનો ગુન્હો માત્ર એટલો જ છે કે તેઓ પરીહાર જેવા પછાત વિસ્તારના રહેવાસી છે, જયાં આઝાદીના ૭૭ વર્ષ બાદ પણ રોજગારી ની પુરતી તકો નથી અને તેઓ પોતાના પરીવારનુ ભરણપોષણ કરવા બિહારની બહાર જવા મજબુર બન્યા છે. હું તમામ સંબંધીત અધિકારીઓને વિનંતી કરૂ છું કે શકય તેટલી વહેલી તકે આ બાબતની ખરાઈ કરવામાં આવે અને આ યુવાનોને ન્યાય મળે અને તેમને સન્માનસાથે મુકત કરવામાં આવે. બિહારના મજુરો સાથે કોઈપણ પ્રકારનો અન્યાય ન થવો જોઈએ.

# મને મારા પતિ અને બાળકોથી અલગ ન કરો: ૩૫ વરસ ભારતમાં રહ્યા બાદ ભારત દેશ છોડવો પડશે: સરકારને મહિલાએ કરી અપીલ

પ્રતિનિધિ,ગાંધીનગર



જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં તાજેતરમાં થયેલા આતંકવાદી હુમલાએ ભારત અને પાકિસ્તાન વચ્ચે ના રાજદ્વારી સંબંધોમાં તણાવ જ નહી પણ માનવીય લાગણીઓ પર ઉંડી અસર કરી છે. પાકિસ્તાનમાં જન્મેલી ૫૩ વર્ષીય શારદા કુકરેજા ભારતીય નાગરીક સાથે લગ્ન કર્યા બાદ છેલ્લા ૩ દાયકાથી ઓડીસાના બોલાંગીર જિલ્લામાં રહે છે, શારદા કુકરેજાએ ગઈ કાલે શનિવારે વડાપ્રધાન મોદી અને મુખ્યમંત્રી માંઝી ને અપીલ કરી હતી કે તેઓ તેમને તેમના પરીવાર થી અલગ ન કરે,

શારદા કુકરેજાએ કહ્યુ કે જિલ્લા પોલીસે તેમને નોટીસ મોકલી છે, એવુ કહેવામાં આવ્યુ હતુ કે તેની પાસે લાંબા ગાળાના વિઝા નથી, પોલીસ આદેશમાં તેને ચેતવણી આપવામાં આવી હતી કે જો તે દેશ છોડશે નહી તો તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જણાવ્યુ હતું કે તેના પિતા ૧૯૮૭ માં ૯૦ દિવસના વિઝા પર તેમના ૬ બાળકો સાથે ભારત આવ્યા હતા અને ઓડીસાના કોરાપુટ જિલ્લામાં સ્થાયી થયા હતા. શારદા ના લગ્ન લગભગ ૩૫ વરસ અગાઉ બોલાંગીરના એક ઉદ્યોગપતિ સાથે થયા હતા અને હવે તેમને ૧ પુત્ર, ૧ પુત્રી અને ૨ પૌત્રો છે, તે ભારતીય નાગરીત્વ ધરાવે છે,

શારદા દાવો કરે છે કે તેની પાસે મતદાર ઓળખકાર્ડ અને આધારકાર્ડ છે તેમણે કહ્યુ કે તેમણે ઘણા સમય અગાઉ ભારતીય નાગરીકતા માટે અરજી કરી હતી. પરંતુ તેમને નાગરીકતા મળી શકી ન હતી. બોલાંગીરના પોલીસ અધિક્ષક દ્વારા જારી કરાયેલા પત્રમાં કહેવામાં આવ્યુ છે કે અમારા ઉપલબ્ધ રેકોર્ડ મુજબ તમારી પાસે ન તો માન્ય એલટીવી છે અને ન તો તમે વિઝા મુકિતશ્રેણીમાં આવો છો, તેથી તમને શકય તેટલી વહેલી તકે ભારત છોડવાનો આદેશ આપવામાં આવ્યો છે અન્યથા તમારી સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. મીડીયા સાથે વાત કરતા શારદાએ સરકારને વિનંતી કરી હતી કે તેણીના તેના પરીવારથી અલગ ન કરવામાં આવે, અને કહ્યુ કે તેણીનુ પાકિસ્તાનમાં કોઈ નથી, શારદાએ વધુમાં કહ્યુ કે જયાર થી હું અહી આવી છુ, ત્યારથી મેં ભારતને મારો દેશ માન્યો છે, મારો પરીવાર ભારતમાં છે અને હું પાકિસ્તાન જવા માંગતી નથી, મેં પાકિસ્તાનમાં કયારેય કોઈની સાથે વાત કરી નથી, ફોન પણ નથી કર્યો,

અધિકારીઓના કહેવા પ્રમાણે રાજય સરકારે ઓડીસા ના વિવિધ જિલ્લાઓમાં વરસોથી રહેતા ૧૨ પાકિસ્તાની નાગરીકોને ખાલી કરાવવાની નોટીસ જારી કરી છે. આમાના ઘણા લોકો લાંબા ગાળાના વિઝા પર રહી રહ્યા છે, જયારે કેટલાક માન્ય દસ્તાવેજો વિના રહી રહ્યા છે, એક વરીષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યુ હતુ કે અમે ભારત સરકારના નિર્ણય મુજબ તેમને દેશ છોડી દેવા માટે નોટીસ જારી કરી છે, જો તેઓ આમ કરવામાં નિષ્ફળ જશે તો તેમની સામે યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.

# મુખ્યમંત્રીના સીએમઓમાં સાફસફાઈ અભિયાન શરૂ: મુખ્યમંત્રીના મદદનીશ બાદ હવે ઉપસચિવની બદલી

પ્રતિનિધિ,ગાંધીનગર




મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના અંગત મદદનીશ નીલ પટેલની મુખ્યમંત્રી કાર્યાલયમાંથી હકાલપટ્ટી કરાયા બાદ વધુ એક મુખ્યમંત્રી કાર્યાલયમાંથી એક અધિકારીને વિદાય આપવામાં આવી છે. મુખ્યમંત્રી કાર્યાલયમાં સાફસફાઈ કરવામાં આવી રહી છે. જે સચિવાલયમાં ચર્ચાનો મુદ્દો બની રહ્યો છે.

જિલ્લા પ્રમુખોની માહિતી લીક થતા નીલ પટેલની હકાલપટ્ટી કરાઈ હતી. આજ અઠવાડીયામાં મુખ્યમંત્રીના અંગત મદદનીશ નીલ પટેલની હકાલપટ્ટી કરાઈ છે. એવો ગણગણાટ છે કે ભાજપ જિલ્લા પ્રમુખોની યાદી જાહેર થાય તે અગાઉ સંભવિત દાવેદારોને આગોતરી જાણ થઈ ગઈ હતી. એટલુ જ નહી જિલ્લા પ્રમુખોનુ પેપર ફુટી જતા ભાજપની આબરૂ ધુળધાણી થઈ હતી. આ બધાય માટે જવાબદાર મુખ્યમંત્રીના અંગત મદદનીશ નીલ પટેલને મુખ્યમંત્રી કાર્યાલયમાંથી હાંકી કાઢવામાં આવ્યા છે.

આ ઘટના હજુ ભુલાઈ નથી ત્યાં જ વધુ એક મુખ્યમંત્રી કાર્યાલયમાં ગૃહ વિભાગનો પોર્ટફોલીયો સંભાળતા ઉપસચિવ જપન દવેને પણ વિદાય કરાયા છે. તેમની આરોગ્ય વિભાગમાં બદલી કરી દેવાઈ છે જો કે કયા કારણોસર જપન દવેને મુખ્યમંત્રી કાર્યાલયમાંથી બદલી કરી દેવાઈ છે તે મુદ્દે હજુ કોઈ ફોડ પાડવામાં આવ્યો નથી. પણ આ મુદ્દો ચર્ચાનો વિષય બન્યો છે આ અગાઉ પણ મુખ્યમંત્રીના અંગત મદદનીશ ધ્રુમિલ પટેલને પણ ભ્રષ્ટાચારના આરોપસર ઘરભેગા કરવા પડયા હતા.

આમ અંગત મદદનીશ થી માંડીને અન્ય અધિકારીઓના વિવાદને લીધે મુખ્યમંત્રી નુ કાર્યાલય ચર્ચાનુ કેન્દ્ર બન્યુ છે. લોકમુખે ચર્ચાયેલ મુજબ સીએમઓના કેટલાક અધિકારીઓ મુખ્યમંત્રીની રડારમાં છે, આગામી સમયમાં કેટલાક અધિકારીઓની હકાલપટ્ટી કરાય તો નવાઈ નહી.

# શિક્ષકોએ ભરતીની માંગ સાથે ઉમેદવારો મહિસાગર જિલ્લાના શિક્ષણમંત્રીના નિવાસસ્થાને કર્યા ધામા

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ




તાજેતરમાં ગાંધીનગરમાં ટેટ અને ટાટ પાસ ઉમેદવારોએ ભરતી કરવા મુદ્દે આંદોલન કર્યુ હતું હવે રાજયમાં ધો. ૧ થી ૫ માં શિક્ષકોની ભરતી કરવાની માંગ સાથે ઉમેદવારો મહિસાગર જિલ્લાના શિક્ષણમંત્રીના નિવાસસ્થાને મંત્રીને મળવા પહોચ્યા હતા પરંતુ શિક્ષણમંત્રી તેમના નિવાસસ્થાને નહી મળતા ઉમેદવારોમાં ભારે રોષ ફેલાયો હતો. શિક્ષણમંત્રીના નિવાસસ્થાન બહાર ઉમેદવારોએ ભારે સુત્રોચ્ચાર કર્યા હતા.

પ્રાપ્ત માહિતી પ્રમાણે રાજયમાં ધો.૧ થી ૫ માં કાયમી શિક્ષકોની ભરતી માટે ઘણા સમયથી ઉમેદવારો આંદોલન કરી રહ્યા છે આજે રવિવારે મહિસાગર ખાતે શિક્ષણમંત્રીના નિવાસસ્થાને પહોંચેલા ઉમેદવારોએ શિક્ષણમંત્રી કુબેર ડીંડોરને મળવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ શિક્ષણમંત્રી નહી મળતા ઉમેદવારો રોષે ભરાયા હતા. રાજયના અલગ અલગ જિલ્લાના અંદાજે ૨૦૦ થી વધુ ઉમેદવારો શિક્ષણમંત્રીના નિવાસસ્થાને પહોચ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગરમાં આ ઉમેદવારો અગાઉ શિક્ષણમંત્રીને મળવા ગયા હતા ત્યાં પણ તેઓ નહી મળતા આજે રવિવારે ઉમેદવારો તેમના નિવાસસ્થાને મહિસાગર પહોચ્યા હતા. અલગ અલગ જિલ્લાના ૨૦૦ થી વધુ ઉમેદવારોને શિક્ષણમંત્રીએ મુલાકાત નહી આપતા ઉમેદવારોમાં રોષ ફેલાયો હતો. ઉમેદવારોએ તેમના નિવાસસ્થાન બહાર ધામા કરીને ભારે સુત્રોચ્ચાર કર્યા હતા. ઉમેદવારોએ કહ્યુ હતુ કે અમે માંગણીઓ માટે ગાંધીનગર ગયા હતા અને હવે તેમના મહિસાગર જિલ્લામાં તેમના નિવાસસ્થાને આવ્યા છીએ પરંતુ શિક્ષણમંત્રી અમને મળ્યા નથી.

# ગાંધીધામમાં કોકેઈન સાથે ૨ આરોપીઓ ઝડપાયા


(સંપૂર્ણ સમાચાર સેવા)કચ્છ

કચ્છના ગાંધીધામમાંથી કોકેઈન સાથે ૨ આરોપી ઝડપાયા છે,૨૯ લાખના કોકેઈન સાથે પંજાબના ૨ આરોપીઓને પોલીસે બાતમીના આધારે ઝડપી પાડયા છે,ત્યારે પોલીસે આ સમગ્ર ઘટનામાં એનડીપીએસ એકટ હેઠળ કામગીરી કરી છે, આરોપીઓ કયાં અને કોને આ કોકેઈન આપવાના હતા તે દિશામાં પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. કચ્છમાં બસ સ્ટેન્ડ પાસે ગેસ્ટ હાઉસમાં બાતમીના આધારે રેડ

કચ્છમાં બસ સ્ટેન્ડ પાસે ગેસ્ટ હાઉસમાં આ રેડ કરવામાં આવી હતી, પોલીસને બાતમી મળી હતી કે બે આરોપીઓ કોકેઈન લઈને ગેસ્ટહાઉસમાં ઉતર્યા છે ત્યારે પોલીસે તેના આધારે દરોડા પાડયા તો આરોપીઓ પાસેથી ૨૯ લાખનું કોકેઈન મળી આવ્યુ હતુ, આરોપીઓ લોકલ ડ્રગ્સ પેડલરને આ કોકેઈન આપવાના હતા તેવી માહિતી સૂત્રો પાસેથી મળી રહી છે, ગાંધીધામ બી ડિવિઝન પોલીસ આ મામલે વધુ તપાસ ચલાવી રહી છે.કચ્છના મુંદ્રામાં ૩૭ લાખના કોકેઈન સાથે બે ઝડપાયા છે.

# સરહદ પર વધતા તણાવ વચ્ચે ભારત સરકારે તમામ મીડીયા માટે જાહેર કરી એડવાઈઝરી

પ્રતિનિધિ,ગાંધીનગર




જમ્મુ કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાને લઈને ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલા તણાવને ધ્યાનમાં રાખીને ભારત સરકારના કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રાલયે તમામ મીડીયા ચેનલો માટે એક એડવાઈઝરી જાહેર કરી છે. સરકારે મીડીયાને સંરક્ષણ કામગીરી અને સુરક્ષાદળોની પ્રવૃત્તિઓનુ જીવંત પ્રસારણ ટાળવા જણાવ્યુ છે. તેમણે વધુમાં કહ્યુ કે આવી માહિતી પુરી પાડવાથી જાણી જોઈને અજાણતા દુશ્મનાવટભર્યા તત્વોને મળી શકે છે.

જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ સંરક્ષણ બાબતોના રીપોર્ટીંગને ધ્યાનમાં રાખીને સરકારે આ એડવાઈઝરી જાહેર કરી છે, મંગળવારે દક્ષિણ કાશ્મીરના મુખ્ય પર્યટન સ્થળ પહેલગામમાં આતંકવાદીઓએ પ્રવાસીઓ પર ગોળીબાર કર્યો હતો જેમાં ૨૬ લોકો માર્યા ગયા હતા જેમાં મોટા ભાગના પ્રવાસીઓ હતા. માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા જારી કરાયેલી એડવાઈઝરીમાં કહેવામાં આવ્યુ છે કે રાષ્ટ્રીય સુરક્ષાના હિતમાં, તમામ મીડીયા પ્લેટફોર્મ, સમાચાર એજન્સીઓ અને સોશીયલ મીડીયા વપરાશકર્તાઓને સલાહ આપવામાં આવે છે કે તેઓ સંરક્ષણ અને અન્ય સુરક્ષા સંબંધીત કામગીરી સંબંધીત બાબતો પર રીપોર્ટીંગ કરતી વખતે સંપૂર્ણ જવાબદારી સાથે કાર્ય કરે અને હાલના કાયદા અને નિયમોનુ કડક પાલન કરે, એડવાઈઝરીમાં એવુ પણ કહેવામાં આવ્યુ છે કે સંવેદનશીલ માહિતીનો અકાળ ખુલાસો અજાણતામાં પ્રતિકુળ તકોને મદદ કરી શકે છે અને કર્મચારીઓની કાર્યકરી અસરકારકતા અને સલામતીને જોખમમાં મુકી શકે છે. આ સલાહકારમાં કારગીલ યુધ્ધ, ૨૦૦૮ ના મુંબઈ આતંકવાદી હુમલા અને કંદહાર વિમાન અપહરણ જેવી ભુતકાળની ઘટનાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો જયારે અવિરત કવેરજના રાષ્ટ્રીય હીત માટે પ્રતિકુળ પરીણામો આવ્યા હતા.

સરકારે જાહેર કરેલી એડવાઈઝરીમાં જણાવ્યુ છે કે (૧) રાષ્ટ્રીય સુરક્ષાના હિતમાં, તમામ મીડીયા પ્લેટફોર્મ, સમાચાર એજન્સીઓ અને સોશીયલ મીડીયા વપરાશકર્તાઓને સલાહ આપવામાં આવે છે કે તેઓ સંરક્ષણ અને અન્ય સુરક્ષા સંબંધીત કામગીરી પર રીપોર્ટીંગ કરતી વખતે અત્યંત જવાબદારીપુર્વક કાર્ય કરે અને હાલના કાયદા અને નિયમોનુ કડક પાલન કરે (૨) ખાસ કરીને સંરક્ષણ કામગીરી અથવા દળોની હીલચાલ સંબંધીત કોઈ રીઅલ-ટાઈમ કવરેજ, લાઈવ પ્રસારણ અથવા સુત્રો આધારીત માહિતી પ્રકાશિત થવી જોઈએ નહી (૩) સંવેદનશીલ માહિતીનો અકાળ ખુલાસો પ્રતિકુળ તત્વોને મદદ કરી શકે છે અને કામગીરીની અસરકારકતા અને સુરક્ષાદળના કર્મચારીઓની સલામતીને જોખમમાં મુકી શકે છે (૪) ભુતકાળના વિકાસે જવાબદાર રીપોર્ટીંગના મહત્વપર ભાર મુકયો છે , કારગીલ યુધ્ધ, મુંબઈ આતંકવાદી હુમલા(૨૬/૧૧) અને કંદહાર હાઈજેકીંગ જેવી ઘટનાઓ દરમિયાન, અનિયંત્રીત કવરેજની રાષ્ટ્રીય હીત પર પ્રતિકુળ અસર પડી હતી (૫) રાષ્ટ્રીય સુરક્ષાના રક્ષણમાં મીડીયા, ડીઝીટલ પ્લેટફોર્મ અને વ્યકિતગત વપરાશકર્તાઓ મહત્વપૂર્ણ ભુમિકા ભજવે છે, કાનુની જવાબદારીઓ ઉપરાંત આપણી સામુહિક નૈતિક જવાબદારી પણ છે કે આપણે ખાત્રી કરીએ કે આપણી ક્રિયાઓ ચાલુ કામગીરી અથવા સુરક્ષાદળોની સલામતી સાથે સમાધાન ન કરે (૬) માહિતી અને પ્રસારણ મંત્રાલયે પહેલાથી જ તમામ ટીવી ચેનલોને કેબલ ટેલીવિઝન નેટવર્કસ (સુધારા) નિયમો ૨૦૨૧ ના નિયમ ૬ (૧) (પી) નુ પાલન કરવાની સલાહ આપી છે નિયમ-૬(૧) (પી) કહે છે કે કેબલ સેવામાં કોઈપણ કાર્યક્રમનું પ્રસારણ કરવામાં આવશે નહી જેમાં કોઈપણ સુરક્ષાદળ દ્વારા હાથ ધરવામાં આવી રહેલા કોઈપણ આતંકવાદ વિરોધી કાર્યવાહીનુ લાઈવ કવરેજ હોય, જયાં મીડીયા કવરેજ ફકત સરકાર દ્વારા નિયુકત અધિકારી દ્વારા સામાયીક બ્રીફીંગ સુધી મર્યાદીત રહેશે. જયાં સુધી આવી કામગીરી પુર્ણ ન થાય (૭) આવુ પ્રસારણ કેબલ ટેલીવિઝન નેટવર્કસ (સુધારા) નિયમો ૨૦૨૧ નું ઉલ્લંઘન છે અને તેના હેઠળ કાર્યવાહી માટે જવાબદાર છે તેથી તમામ ટીવી ચેનલોને રાષ્ટ્રીય સુરક્ષાના હીતમાં કોઈપણ આતંકવાદ વિરોધી કામગીરી અને સુરક્ષાદળોની પ્રવૃત્તિઓનુ જીવંત કવરેજ પ્રસારીત ન કરવાની સલાહ આપવામાં આવે છે. ઓપરેશન પુરૂ ન થાય ત્યાં સુધી મીડીયા કવરેજ સરકાર દ્વારા નિયુકત અધિકારી દ્વારા સમયાંતરે બ્રેફીંગ સુધી મર્યાદીત હોઈ શકે છે. (૮) બધા હિસ્સેદારોને વિનંતી છે કે તેઓ સાવધાની, સંવેદનશીલતા અને જવાબદારી સાથે રીપોર્ટીંગ ચાલુ રાખે અને રાષ્ટ્રની સેવામાં ઉચ્ચત્તમ ધોરણો જાળવી રાખે (૯) આ આદેશ મંત્રાલયના સક્ષમ અધિકારીની મંજુરીથી જારી કરવામાં આવ્યો છે.